Celebrating
*Decade of Dedication*

# સુતીર્થ

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

Indian Institute of Teacher Education, Gandhinagar ♦ Year : 2 ♦ Issue : 5♦ Month: February, 2021

Indian Institute of Teacher Education

# ભાષામંજૂષા

## अपूर्वः कोऽपि कोशोऽयम्।




## પ્રગટે જ્ઞાન તણા જયાં સ્પંદન

**IITE inhouse magazine for private circulation only**
Indian Institute of Teacher Education, Gandhinagar
**Volume : 2 • Issue : 5 • February, 2021**

"
વન કેસર ફૂલ્યો અતિ ઘણો,
તહાં કોકિલા શબ્દ સોહામણાં;
રૂડી અરતના લઇએ ભામણા,
આવ્યો માસ વસંત વધામણાં

તું તો વહેલી થા ને આજ રે, તારાં
સરસે સારાં કાજ રે;
તું તો મુક હૈયાની દાઝ રે, આવ્યો
માસ વસંત વધામણાં
"

**- નરસિંહ મહેતા**




વસંત પંચમીની ઉજવણીના ભાગરૂપે આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા શુભેચ્છા પત્ર

1 **કુલપતિશ્રીનો સંદેશ** .................................................... 3
2 **બી.એડ્. અને ટીઈટી બન્નેના પરિણામોનો વિષમ તફાવત શું સૂચવે છે?** .... 4
3 **વસંતપંચમીઃ માનવ કલ્યાણ માટેની જીવન પંચમી** .......................... 7
4 **Mathematical Way To Calculate The Day Of A Week For A Given Date** .......................... 8
5 **A Step towards Quality for Teacher Education Institutes** .......... 11
6 **શિક્ષક પ્રશિક્ષણમાં ગુણવત્તાની ખાતરી તરફનું પહેલું પગલું એટલે નેક એક્રેડિટેશન** .......................... 13
7 **ભાષામંજૂષા** .................................................... 16
8 **રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી સમગ્ર દેશમાં શિક્ષકોની જરૂરિયાત વધશે** .......... 21
9 **India: the Language, the Civilization and the Literature** ........... 23
10 **Digital Tools for English Language Learning** ........................ 25
11 **"IITE should prepare a small army of Master Trainers for Sensitization of Society for Divyangjans"** ........................... 27
12 **ભાષાને લય, લહેકો અને લાઘવ આપતાં ધ્વનિ ઉચ્ચારણ વિશે** ............. 29
13 **Human Teacher** .................................................... 30
14 **CAMPUS CANVAS** .................................................... 31

## Editor

**Paras K. Jha**
(Public Relation
& Publication Officer)

**Editorial Team**
Dr. Archana Patel
Dr. Rushi Joshi
Dr. Swarnabharati

**Coordination**
Ms. Hiral Jani

**Design :** Ranmal Sindhav

**iitegandhinagar**

**Publisher**
**The Registrar,**
**Indian Institute of Teacher Education**
Ramkrushna Paramhans Vidhya Sankul
Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat) India
Phone : +91-79-23287338, 23243733/34, Email : publication@iite.ac.in, Web : www.iite.ac.in



# કુલપતિશ્રીનો સંદેશ

વહાલા વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો

ફેબ્રુઆરી હુંફ, હળવાશ અને હકારાત્મકતા લઈને આવ્યો. જેમ બદલાતી ઋતુઓની વિશિષ્ટતા જ તેમની સતત ઝંખના કરાવતી રહે છે. એક ઋતુથી મન ભરાય ત્યાં જ તેની વિદાય થાય અને નવી મોસમનું આગમન થાય અને મન ફરીથી એ નવી ઋતુને માણવામાં પરોવાઈ જાય. આ પ્રકૃતિનું ચક્ર છે અને એના વિવિધ રસથી જીવન સતત તરબતર થતું રહે છે.

આ મહિનામાં જેમ વસંત પંચમી આવી અને સમગ્ર વાતાવરણ ખુશનુમા થઈ જાય છે અને અનોખી તાજગી, ઊર્જા અને હકારાત્મક્તાના તરંગો અનુભવાય છે. એવી જ રીતે આઈઆઈટીઈના કેમ્પસમાં આપ સહુના આગમનથી યુનિવર્સિટીમાં વસંત ઋતુની જેમ જ નવી ઊર્જા અને તાજગીનો સંચાર થયો છે. યુનિવર્સિટીની પરીક્ષાઓ બાદ 20 ફેબ્રુઆરીથી નવું સત્ર શરૂ થયું. કોઈ ખાસ દિવસ વર્ષમાં એક વખત જ આવે તો એ ઉત્સવ કે તહેવાર બની જાય છે, અને એની ઉજવણીનો આનંદ અને ઉલ્લાસ અનેરો હોય છે, તે રીતે તમને બધાને સદેહે વર્ગખંડોમાં ભણતા અને સંસ્કૃતના શ્લોકોના સમૂહગાનના પડઘા સાંભળવાનો, પ્રયોગશાળાઓમાં પ્રેક્ટિકલ કરતા અને લાઇબ્રેરીમાં પુસ્તકો વાંચતા જોવાનો આનંદ લગભગ એક વર્ષ પછી મળ્યો. એટલે મારા માટે અને આઈઆઈટીઈના સહુ અધ્યાપક મિત્રો માટે એ ક્ષણો કોઈ ઉત્સવથી ઓછી રળિયામણી નહોતી.

મિત્રો, જ્યારે વાત વસંત ઋતુને માણવાની કરતા હોઈએ ત્યારે શબ્દ, સૂર, સંગીત અને જ્ઞાનની દેવી સરસ્વતીના પ્રાગટ્યોત્સવને કેમ ભૂલાય? ફેબ્રુઆરીમાં વસંત પંચમીની સાથે સાથે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી થાય છે. તો માતૃભાષાના ખોળામાં ધિંગામસ્તી કરવા, ભાષાપ્રેમના લાડ લડાવવા અને સાહિત્યને માણવાની શ્રેષ્ઠ મોસમ વસંત સિવાય બીજી કોઈ ન હોઈ શકે. વળી, આપણે તો જ્ઞાનના સ્પંદનો પ્રગટાવનારા શિક્ષક પ્રશિક્ષકોની યુનિવર્સિટી છીએ એટલે નવી ઋતુમાં કંઈક નવું ન કરીએ તો જ નવાઈ. એટલે આ મહિનામાં આપણે ભાષાપ્રેમથી છલકાતા મહોત્સવ - 'ભાષામંજૂષા'માં સાહિત્યકારો અને ભાષાવિદો પાસેથી શબ્દો સંગત અને અભિવ્યક્તિની રંગત માણી.

આઈઆઈટીઈ દ્વારા ભારતની 22 ભાષાઓ ઉપરાંત પ્રાકૃત, પાલી અને ભારતીય અંગ્રેજી ભાષા એમ 25 ભાષાઓ શીખવા માટે તેમના માધ્યમથી ભારતીય સંસ્કૃતિના પ્રાદેશિક આયામોના અભ્યાસ માટે સેન્ટર ઓફ એક્સ્ટેન્શન અંતર્ગત ભારતીય ભાષા અને સંસ્કૃતિ વિભાગની રચના કરવામાં આવી છે. આ વિભાગ દ્વારા ટૂંક સમયમાં શરૂ થનારા વિવિધ ભાષાના સર્ટિફિકેટ અભ્યાસક્રમોથી ગુજરાતમાં રહીને જ દેશની 25 ભાષાઓ શીખવાની સુવિધા ઊભી થશે.

ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે આઈઆઈટીઈ સતત કાર્યશીલ છે ત્યારે આ ગુણવત્તાને પ્રમાણિત કરવાની દિશામાં પણ આપણે આગળ વધી રહ્યા છીએ. આઈઆઈટીઈ સંલગ્ન સંસ્થાઓમાં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા કરવામાં આવતી મૂલ્યાંકન અને પ્રમાણનની પ્રક્રિયામાં જોડાવા અને તેના માટેની પૂરતી તૈયારી કરવા માટેનું ક્ષમતા વર્ધન કરવા માટે પાંચેય ઝોનમાં એક દિવસના વર્કશોપનું આયોજન થયું છે. પાંચ વર્કશોપમાંથી ચાર વર્કશોપ પૂર્ણ થયા છે અને પાંચમો વર્કશોપ માર્ચમાં યોજાશે.

મિત્રો, બદલાતી ઋતુઓની જેમ સમય પણ બદલાય છે. જો સારો સમય હંમેશાં ન રહેતો હોય તો, ખરાબ સમય પણ હંમેશાં નથી રહેતો. હું આ વાત કોવિડ મહામારીના સંદર્ભે કરી રહ્યો છું. છેલ્લાં એક વર્ષમાં સમગ્ર વિશ્વમાં કાળો કેર મચાવીને બધાના સમયને ખરાબ કરનારી આ મહામારીના હવે વળતા પાણી થઈ રહ્યા છે. હા, કોરોના વાઇરસના બદલાયેલા નવાં સ્વરૂપો સામે અને તેની સામેની વ્યાપક લડાઈ હજી ચાલું જ છે અને તેના માટેની સાવચેતી અને કાળજી પણ લેવાની જ છે, પરંતુ તેનાથી ડર્યા કે ગભરાયા વિના.

આપ સહુ સ્વસ્થ રહો, સુરક્ષિત રહો તેવી શુભેચ્છાઓ સાથે...

**ડૉ. હર્ષદ પટેલના જયહિંદ**




# બી.એડ્. અને ટીઈટી બન્નેના પરિણામોનો વિષમ તફાવત શું સૂચવે છે?

**ડૉ. હર્ષદ પટેલ**, કુલપતિશ્રી, આઈઆઈટીઈ

જ્યારે આપણે નેશનલ એજ્યુકેશન પોલિસીના સંદર્ભમાં ચર્ચા કરતા હોઈએ ત્યારે નીતિના પ્રકરણ 15માં ટીચર એજ્યુકેશનની વાત છે. 'આર્ટિકલ-15' નામની ફિલ્મની બહુ ચર્ચા થઈ હતી. આમ જોઈએ તો ગત 2020ના વર્ષમાં સમગ્ર વિશ્વમાં કોરોનાની ચર્ચા થઈ, પરંતુ આપણા દેશમાં કોરોના ઉપરાંત નેશનલ એજ્યુકેશન પોલિસીની પણ ચર્ચા થઈ. ટીચર એજ્યુકેશન હાયર એજ્યુકેશનનો સબ્જેક્ટ છે, પણ એની અસર સ્કૂલ એજ્યુકેશન ઉપર થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સ્કૂલ એજ્યુકેશનનાં 1 થી 8 પ્રકરણ છે, એ પ્રકરણ નં. 15ની સાથે સંકળાયેલા છે. હું બી.એડ્.કોલેજમાં અધ્યાપક છું અને અત્યારે હાલ યુનિવર્સિટીમાં કાર્યરત છું. ભૂતકાળમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજ અને પીટીસી કોલેજ પણ ચલાવી છે એટલે એની કાર્યરીતિથી અને એના પ્રશ્નોથી પણ સુપેરે વાકેફ છું.

ટીચર એજ્યુકેશનમાં જસ્ટિસ વર્મા કમિશનનો એક ઉલ્લેખ છે. ટીચર એજ્યુકેશનના પ્રકરણમાં. વર્ષ 2012માં સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્મા કમિશનની રચના કરેલી. એની રચનાનો હેતુ એવો હતો કે જે ટીચર એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂશન્સનો રાફડો 2004 થી 2010 વચ્ચે વ્યાપક પ્રમાણમાં ફાટી નીકળ્યો હતો અને નોન એટેન્ડિંગ સ્ટુડન્ટ્સ, એમાંથી બીજાં ઘણાં પ્રશ્નો હતા અને એ સમસ્યાની સીબીઆઈ કક્ષાએ પણ તપાસ થઈ હતી. પછી સુપ્રીમ કોર્ટે આ કમિશનની રચના કરી હતી. કમિશને એની ભલામણોમાં એમ કહ્યું હતું કે દસ હજાર જેટલી સ્ટેન્ડ અલોન ઇન્સ્ટિટ્યૂશન્સને આપણે ખૂબ ઝડપથી બંધ કરવી પડશે, કારણ કે તે સંસ્થાઓ ડિગ્રી આપી નથી રહી, પણ ડિગ્રી વેચી રહી છે. હું એના શબ્દોની જ વાત કરી રહ્યો છું મારું કશું નથી કહી રહ્યો.

અત્યારે હાલ લગભગ 18 હજાર જેટલી ટીચર એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂશન્સ છે. હું તમને આ પરિપ્રેક્ષ્ય એટલા માટે આપવા માંગું છું અને એમાંથી દર વર્ષે 19 લાખ બી.એડ્. ડિગ્રી ધારકો આપણા દેશમાં આપણા સમાજને આપણે આપીએ છીએ. આપણા દેશમાં દર વર્ષે 3 લાખ શિક્ષકોની જરૂરિયાત છે. આ ઑફિશિયલ ડેટાના સંદર્ભમાં કહું છું. એટલે લગભગ છ ગણા કરતાં પણ વધારે બી.એડ્. ડિગ્રીધારકો આપણે સમાજમાં ઠાલવી રહ્યા છીએ. એ પણ ગુણવત્તા વિનાના.

અત્યાર સુધી જેટલી પણ ટીઈટી લેવાઈ છે તેનું પરિણામ 10 ટકા કરતાં પણ ઓછું છે. કેન્દ્રીય કક્ષાએ સીટેટ લેવાય છે. એનું રિઝલ્ટ 20 ટકા, 25 ટકા બે વખત ગયું છે, બાકી એ પણ

10 અને 12ની વચ્ચે રહ્યા કરે છે. વિચારવાની બાબત એ છે કે ટીઈટીમાં પણ એ જ અભ્યાસક્રમ છે જે બી.એડ્.માં છે, તો બી.એડ્.માં 90-95 ટકા પરિણામ લાવતી સંસ્થાઓના વિદ્યાર્થીઓનું ટીઈટીનું પરિણામ આટલું નબળું કેમ આવે છે. ટીઈટીમાં કયા વિદ્યાર્થીઓ પાસ થાય છે અને કોણ નથી થતા? જે નોન એટેન્ડિંગ છે ટીઈટીમાં પાસ નથી થઈ શકતાં અને બહાર જાય છે.

એનસીટીઈમાં એક પર્ફોમન્સ અપ્રેઇઝલ રિપોર્ટ (પીએઆર) સબમીટ કરવાનો હોય છે. જે હજી સુધી માત્ર 25 ટકા સંસ્થાઓએ જ જમા કરાવ્યો છે. બાકીની 75 ટકા સંસ્થાઓએ જમા નથી કરાવ્યા. કારણ કે એમાં અધ્યાપકોના પાનકાર્ડ નંબર, વિદ્યાર્થીઓની વિગતો વગેરે આપવું પડતું હોય છે. એટલે એમાંથી તાળો મળી જાય. ટીઈટીનું રિઝલ્ટ અને પીએઆર પરથી આપણે ગુણવત્તા અને વાસ્તવિક્તા તથા જસ્ટિસ વર્મા કમિશને ડિગ્રીઓ વેચવા સંદર્ભે કરેલી ટિપ્પણીનો તાળો મેળવી શકીએ છીએ. હું ભલામણો અને વાસ્તવિક વાતો બંને સાથે મૂકી રહ્યો છું. જેથી આપણે તેને મેચ કરી શકીએ.

એનઈપીમાં એક ભલામણ એ પણ છે કે માત્ર ટીઈટી નહીં, ટીઈટીની સાથે ડેમોન્સ્ટ્રેશન લેસન અથવા વાયવાનું અમલીકરણ કરવાનું થશે. અત્યારે માત્ર બી.એડ્.ની ડિગ્રી પ્રાપ્ત કરીએ અને પછી ટીઈટીની એક્ઝામ આપીએ એટલે સરકારી સ્કૂલમાં નોકરીમાં લાગી શકીએ. પણ, હવે વિદ્યાર્થીએ માત્ર ટીઈટી નહીં પણ ડેમોન્સ્ટ્રેશન લેસન અથવા વાયવા આપવા પડશે. આથી તેમણે બી.એડ્. કોર્સમાં કેટલા પાઠ આપ્યા છે, કયા પ્રકારની પદ્ધતિઓ છે, કયા પ્રકારના કૌશલ્યો છે એની ચકાસણી સારી રીતે થઈ શકશે.

એવી સંસ્થાઓ કે જે 10 હજાર સ્ટેન્ડ અલોન ઇન્સ્ટિટ્યૂશન્સ છે એટલે શું? માત્ર બે વર્ષનો બી.એડ્. કોર્સ ચલાવતી હોય બી.એડ્. અને પીટીસી હોય તો તે સ્ટેન્ડ અલોન ન કહેવાય. એ કોમ્પોઝિટ યુનિટ કહેવાય. એટલે એકથી વધારે સંસ્થા ચાલતી હોય તેને સ્ટેન્ડ અલોનની વ્યાખ્યામાં નહીં પણ કોમ્પોઝિટ યુનિટની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરવામાં આવશે.

પ્રકરણ નંબર-15માં એક ભલામણ એ છે કે દરેક બી.એડ્. કોલેજે 2030 સુધીમાં ચાર વર્ષીય બી.એડ્. કોર્સમાં પરિવર્તિત થવાનું છે. આપણને એમ થાય કે બે વર્ષનું બી.એડ્. બંધ થઈ જશે અને બી.એડ્. ચાર વર્ષનું થશે. એવું નથી થવાનું. અત્યારે હાલ જે બે વર્ષનું બી.એડ્. છે એ જ્યારે જસ્ટિસ વર્મા કમિશનની રચના કરવામાં આવી ત્યારે બી.એડ્.માં સુધાર કરવા માટે કરવામાં આવ્યું હતું અને એમાંની એક ભલામણ એવી હતી કે બી.એડ્. અભ્યાસક્રમને થોડોક સમય વધારે આપવો જોઈએ. અને બાકીની ભલામણોનો તો બહુ અમલ ના થયો. પરંતુ એક વર્ષનો બી.એડ્. અભ્યાસક્રમ 2014થી બે વર્ષનો થયો એટલે 2015થી સમગ્ર દેશમાં બી.એડ્. અભ્યાસક્રમ બે વર્ષનો ચાલે છે.

એટલે IITEની સાથે આ જ નેચરની જે યુનિવર્સિટી સ્થપાઈ હતી તેમાં કેલોરેક્સ અને નવરચના યુનિવર્સિટી હતી. જે અલ્ટિમેટલી 4 યર ઇન્ટિગ્રેટેડ કોર્સ માટે હતી. આ પૉલિસીમાં પણ કહ્યું છે કે આપણે બધાએ મલ્ટિડાયમેન્શનલ, મલ્ટિફેકલ્ટી એપ્રોચથી કામ કરવું જોઈએ. એટલે બંને યુનિવર્સિટી એ દિશામાં કામ કરી રહી છે. તો 2030 સુધીમાં કન્વર્ટ થવાનું છે એનો અર્થ શું થયો? કે બે વર્ષનો બી.એડ્નો કોર્સ છે એણે ચાર વર્ષમાં કન્વર્ટ થવા માટે હવે જે હાયર એજ્યુકેશનની બૉડી બનશે તેમાં એપ્લાય કરવાનું થશે. કારણ કે એનસીટીઈ તેમાં વિલીન થઈ જવાની છે. જે અન્ડર ગ્રેજ્યુએટ કોર્સ ચલાવતા હશે, એટલે બી.એ., બી.એસસી. કે બી.કૉમ. એ સંસ્થાઓ ચાર વર્ષનો ઇન્ટિગ્રેટેડ બી.એડ. કોર્સ કરવા માટે એપ્લાય કરવા માટે યોગ્યતા ધરાવતી હશે.

અત્યારે અમારી યુનિવર્સિટી સાથે 59 બી.એડ્. સંસ્થાઓ એટલે કે સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ સંલગ્ન છે, સેલ્ફ ફાઇનાન્સ નથી. એટલે આત્મનિર્ભર અને સ્વનિર્ભર એવા બે સ્પષ્ટ વિભાગ હાલ છે. એમાંથી 35 ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજમાંથી 23 ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજીસ જેના મેનેજમેન્ટ બી.એ. કે બી.એસસી. કોલેજોનું સંચાલન પણ કરે છે, એમણે સ્વીચ ઓવર થવાનું થશે. એટલે એમણે નક્કી કરવાનું થશે કે બી.એ.-બી.એડ્. એપ્લાય કરવાનું છે કે બી.એસસી.-બી.એડ્.

આ 23માંથી વીસેક સંસ્થાઓએ લગભગ આવતા વર્ષથી કન્વર્ટ થવું હોય તો થઈ શકે એવી પૂરી શ્રદ્ધા અને તૈયારી છે. એટલે આપણે વર્ષ 2030 સુધી રાહ જોવાની ન થાય. કન્વર્ઝનનો સૌથી મોટો પ્રશ્ન આ સ્ટેન્ડ અલોન સેલ્ફ ફાયનાન્સ કોલેજો છે તેમના માટે છે. એમાંથી કેટલીક ઇન્સ્ટિટ્યૂશન્સ સેલ્ફ ફાઇનાન્સ બી.એસસી. પ્રકારના કોર્સિસ પણ ચલાવતી હશે. મને ચિંતા એ પણ છે કે અત્યારે બી.એડ્.માં ચાલી રહેલા વિષયો અન્ડરગ્રેજ્યુએટ કોર્સમાં ચાલશે એટલે એની કામગીરીનો ચેપ લાગે તો શું દશા થશે? એ ચિત્ર જરા બિહામણું છે. આપણા માટે બહુ અઘરો વિષય છે. આખી ફેકલ્ટી જાણે બાણશૈયા પર છે કારણ કે, મોટાભાગના લોકો ભીષ્મની જેમ સમગ્ર બાબતોને જોઈ રહ્યા છે.

આ હું એટલા માટે કહી રહ્યો છું કારણ કે ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, એમાં એજ્યુકેશન ફેકલ્ટીનું કામકાજ જે રીતે થવું જોઈએ તેવી યોગ્ય રીતે નથી થઈ રહ્યું. નીતિના અમલીકરણમાં આપણે એક યુનિવર્સિટી તરીકે મોનિટરિંગની વ્યવસ્થામાં પણ છીએ. આ જે બી.એડ્. થયેલા વિદ્યાર્થીઓ બહાર આવે છે, એ કદાચ આપણા સંતાનો અથવા તેમના સંતાનોને ભણાવવા માટેની જરૂરી લાયકાત મેળવશે. ટેકનોલોજી આપણી સાથે છે એટલે ચાર વર્ષ પછી કે દસ વર્ષ પછી પણ ડેટા આપણને મળશે કે આ વિદ્યાર્થી, આ વર્ષમાં, આ કોલેજમાં ગયો હતો તે મોબાઇલ લોકેશનને આધારિત જાણવા મળશે. એટલે એને નોકરી હોય તો પણ એને ઘેર જવું પડે એવી પૂરી સંભાવના

છે. જે રીતે ટૅક્નૉલૉજી આપણને મદદ કરી રહી છે. આ બાબતો એ લોકો સુધી પણ જવી જઈએ. હું આ એટલા માટે આપની સમક્ષ મૂકી રહ્યો છું કે જેથી આવા પ્રકારનું વલણ છે તે થોડું ઓછું થાય. જે મુખ્ય ભલામણ ચાર વર્ષીય બી.એડ્. કોર્સની છે એ મોટો પડકાર છે. યુનિવર્સિટીઝે 'ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન' શરૂ કરવા પડશે. કારણ કે એચઆરડીસીનું કામકાજ એ 'ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન' મારફતે કરવાનું થશે. એટલે આપણે ત્યાં જે પણ ડિપાર્ટમેન્ટ ચાલવાના હશે, એની ઓરિએન્ટેશન અને રિફ્રેશરની વ્યવસ્થાઓમાં જે ડિપાર્ટમેન્ટ હોય, એના અધ્યાપકોની મદદથી કરવાની થશે. ડિપાર્ટમેન્ટ ચાર વર્ષીય, બે વર્ષીય અને એક વર્ષીય બી.એડ્. અભ્યાસક્રમ ચલાવી શકશે. અત્યારે જે સંસ્થાઓ બે વર્ષનો કોર્સ ચલાવે છે. તેઓ ચાર વર્ષમાં કન્વર્ટ થશે તો બે વર્ષીય અભ્યાસક્રમ ચલાવી શકે એવી પૂરી સંભાવના રહેશે. અત્યારે જે બી.એડ્. અભ્યાસક્રમ અસ્તિત્વમાં છે, તે આવતા વર્ષથી સમાન થઈ જશે. હવે એનટીએ (નેશનલ ટેસ્ટિંગ એજન્સી) બી.એડ્. માટેની પ્રવેશ પરીક્ષા લેવાની છે. હવે એક જ એજન્સી હશે જે એન્ટ્રન્સ ટેસ્ટનું આયોજન કરતી હોય. અમે કૅટ અને ક્લૅટ છે એવી રીતે બી.એડ્.ના જુદા જુદા ચાર કોર્સ માટેની એન્ટ્રન્સ એક્ઝામ 'આઇ3ટી' કન્ડક્ટ કરીએ છીએ. આવતા વર્ષે એવું બને કે રાજ્યની જેટલી પણ ટીચર એજ્યુકેશનની ઇન્સ્ટિટ્યૂટ્સ હશે એના એડમિશનની પ્રોસેસ 'આઇ3ટી' દ્વારા જ થાય.

આપ સૌ વિદિત છો કે કરિક્યુલમ ફ્રેમવર્કને સ્કૂલ એજ્યુકેશનમાં એનસીએફ કહેવાય છે અને અત્યારે જે નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક-2005ના આધારિત અભ્યાસક્રમો કે પાઠ્યક્રમો ચાલે છે. એ એનસીએફ સ્કૂલ એજ્યુકેશન આવતા વર્ષે એનસીઈઆરટી દ્વારા અને એની સાથે સાથે ટીચર એજ્યુકેશન માટેનું પેરેલલ એનસીએફટીઈ પણ આવતા વર્ષે આવશે. એને આધારિત દેશની તમામ જે વ્યવસ્થાઓ હશે એ ટીચર એજ્યુકેશન હોય કે સ્કૂલ એજ્યુકેશનમાં, એમણે એને અનુસરવાનું થશે.

અમે આ વર્ષે એનસીએફટીઈ-2009 અને એનઈપીને ધ્યાનમાં રાખીને કરિક્યુલમ ફ્રેમવર્ક બનાવ્યું છે. એમાં ચાર ભાષાઓ ફરજિયાત કરી છે. વિદ્યાર્થી બી.એડ્.માં એડમિશન લે એટલે એ કોમર્સમાંથી હોય, આર્ટ્સમાંથી હોય કે સાયન્સમાંથી હોય, એણે પહેલા સેમેસ્ટરમાં ગુજરાતી ભાષા શીખવાની. બીજા સેમેસ્ટરમાં અંગ્રેજી શીખવાની, ત્રીજા સેમેસ્ટરમાં હિન્દી શીખવાની અને ચોથામાં સંસ્કૃત શીખવાની. કારણ કે તમને ખ્યાલ છે કે ધોરણ છ થી આઠની રિક્રૂટમેન્ટ એ લૅંગ્વેજ ટીચર પ્રમાણે છે અને એમાં લૅંગ્વેજ ટીચર, એક સોશ્યલ સાયન્સ ટીચર અને એક મેથ્સ-સાયન્સના ટીચર હોય છે. એટલે ગુજરાતી સાથે સ્નાતક થયેલા વિદ્યાર્થીએ પણ ટીઈટીની એક્ઝામિનેશનમાં અંગ્રેજીના પ્રશ્નોના જવાબ આપવા પડે છે. જે રીતે સમગ્ર દેશમાં માઇગ્રેશન વધી રહ્યું છે, તે જોતાં આપણો જે ભાવિ વર્ગખંડ હશે, એમાં એવું બને કે 30 વિદ્યાર્થીઓના વર્ગમાં જુદી જુદી 8 થી 10 ભાષાઓ જાણનારા વિદ્યાર્થીઓ હોય, ત્યારે આપણો તૈયાર થયેલો શિક્ષક છે તે ઓછામાં ઓછી ચાર ભાષાઓની જાણકારી સાથે તેમાં ભાષા ભણાવી શકશે.

સૌથી મહત્ત્વની ભલામણ એ છે કે સ્કૂલ એજ્યુકેશનના 5+3+3+4 એવા ચાર વિભાગ થવાના છે. તેમાં આંગણવાડી પછીનું એક ધોરણ જેને આપણે બાલમંદિર કહીએ અને પછી પહેલું બીજું ધોરણ એમ પાંચ વર્ગનું એક ફાઉન્ડેશનલ લેવલ છે. એમાં આંગણવાડી, બાલમંદિરના બે વર્ષ તે પહેલું, અને બીજું ધોરણ ઉમેરાશે. તો એ પાંચ વર્ગો માટે એક શિક્ષક જોઈશે.

પછી ત્રીજું, ચોથું, પાંચમું એના માટે એક શિક્ષક જોઈશે. છ થી આઠ. અને નવથી બાર. આમ, જે ચાર વિભાગો પડશે એમાં શિક્ષકની નિયુક્તિ ટીચર એજ્યુકેશનના કોર્સ આધારિત રહેવાની. એનઈપીની ભલામણ તરીકે એક શિક્ષક તરીકે જોડાય એક અપર પ્રાઇમરીમાં એટલે કે ધોરણ છ થી આઠમાં, તો એની પાસે એવો સ્કોપ હશે કે એ ધોરણ નવથી બારમાં જઈ શકશે. અથવા એ ફાઉન્ડેશનલ કોર્સમાં પણ જઈ શકશે. બાલમંદિરવાળા ટીચર બનીને. એનો મતલબ એમ થયો કે આપણે યુનિવર્સિટી તરીકે ટીચર એજ્યુકેશનના બી.એડ્.ના કોર્સની સાથે આ સહુને સર્ટિફિકેટ કોર્સ ઓફર કરવો પડે.

હવે સ્કૂલ એજ્યુકેશનના માળખાને અનુરૂપ ટીચર એજ્યુકેશનનું માળખું ગોઠવાશે. નવા અભ્યાસક્રમનું પરિરૂપ આ ચારેચાર સ્તરના શિક્ષકો બી.એડ્. કોલેજોમાં કેવી રીતે આવી શકે એના અનુરૂપ હશે.

એનઈપીના અમલીકરણમાં સૌથી વધારે પડકારો એ ટીચર એજ્યુકેશનમાં છે. સૌથી વધારે ભાર પણ પ્રકરણ નંબર-15માં મૂકવામાં આવ્યો છે. કારણ કે એનો વ્યાપ સ્કૂલ એજ્યુકેશન અને હાયર એજ્યુકેશન બંનેમાં છે. હમણાં એબીસીએ બે ડ્રાફ્ટ મોકલ્યા છે. એબીસી એટલે એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ. યુજીસીએ ડ્રાફ્ટ રેગ્યુલેશનમાં 100 પર્સેન્ટ ક્રેડિટ ટ્રાન્સફર સુધીની વાત મૂકી છે. 'એ' ગ્રેડ હશે તો જ એ સંસ્થાઓ આ ક્રેડિટ ટ્રાન્સફરનો લાભ લઈ શકવાની છે.

એનઈપીના અનુસંધાનમાં કેટલાક સુધારાઓ, જે કદાચ પૉલિસીની ટેક્સ્ટમાં ના હોય, પરંતુ એના અમલીકરણની દિશામાં યુનિવર્સિટીઝ અને સંસ્થાઓએ કરવાના રહેશે. અને જેને કારણે આપણને 10-15 વર્ષે કેટલાક સારા પરિણામો દેખાશે.

(5 ફેબ્રુઆરી, 2021ના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે નેશનલ એજ્યુકેશન પોલિસીના અમલીકરણ વિષયે યોજાયેલા ફેકલ્ટી અવેરનેસ પ્રોગ્રામમાં માન. કુલપતિશ્રીએ આપેલા વક્તવ્યના આધારે)



# વસંતપંચમીઃ
# માનવ કલ્યાણ માટેની જીવન પંચમી

**નિયતી ઠક્કર**
બી.એસસી.-બી.એડ. સેમ.-2

વિદ્યા અને કલાની અધિષ્ઠાત્રી દેવી ભગવતી સરસ્વતીનું પ્રાગટ્ય વસંતપંચમીએ થયું હોવાનું મનાય છે. વસંતપંચમીએ ખીલેલી પ્રકૃતિના ખોળે મા સરસ્વતી હાથમાં વીણા ધારણ કરી વિહાર કરે છે, અને એ વીણાના તારમાંથી કવિતા-સંગીતના મીઠાં સૂર રેલાય છે. હંસ પર વિરાજમાન વીણાધારિણી, શ્વેત વસ્ત્ર અને પદ્માસના સરસ્વતી બ્રહ્માજીના પુત્રી છે. શ્વેત હંસ, શ્વેત કમળ અને શ્વેત શુભ્ર વસ્ત્ર તો શુદ્ધિ અને સાત્વિકતાના પ્રતીકો છે. વસંત અને સરસ્વતી બંનેમાં મધુરતા અને નિર્મળતાનો સંગમ થયો છે. પૌરાણિક કથાઓ પ્રમાણે કહેવાય છે કે વસંતના અધિષ્ઠાતા દેવ રસેશ્વર ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર છે. વાગ્દેવી સરસ્વતીની પૂજા-અર્ચના પણ સર્વપ્રથમ શ્રીકૃષ્ણે પ્રવર્તિત કરી હતી.

આજે પણ 'ઓમ વિદ્યાવારિધિ સરસ્વતી, વરદે કામરૂપિણિ, વિદ્યારંભં કરિષ્યામિ' જેવા સ્તોત્ર બોલી વિદ્યાનો આરંભ કરાય છે. ગુરુકુળોમાં 'સારસ્વત-મહોત્સવો' વસંતપંચમીએ યોજાય છે.

આ મંગલ અવસરે ગુજરાતમાં આવેલા સિદ્ધપુર સ્થિત સરસ્વતી મંદિરનો ઉલ્લેખ ન કરીએ તો કેમ ચાલે? 1100 વર્ષ પૂર્વે વિદ્યાપ્રેમી રાજા જયસિંહે સારસ્વતોની નગરી સિદ્ધપુરમાં સારસ્વતોના સૂચનથી સરસ્વતી નદીના વૈકુંઠઘાટ પાસે આવેલા રુદ્રમહાલય નજીક વિદ્યા અને જ્ઞાનની દેવી ભગવતી સરસ્વતી માતાનું મંદિર બંધાવ્યું, જે આજે પણ ઊભુ છે. સારસ્વતો ઉપરાંત અનેક વિદ્યાસાધકો અહીં આવીને માતાના ચરણોમાં માથું ટેકવી પૂજા આરાધના કરે છે.

સરસ્વતી કૃપાથી જ માણસ જ્ઞાની, વિજ્ઞાની, ઋષિ, મહર્ષિ, રાજર્ષિ, બ્રહ્મર્ષિ અને દેવર્ષિ પદ સુધી પહોંચી શકે છે. માતા સરસ્વતીની કૃપા વડે જ સંસારનો વ્યવહાર ચાલે છે. સંસારના સર્વ ધનોમાં જે શ્રેષ્ઠ ધન ગણાય છે, તેવું વિદ્યા ધન માતા સરસ્વતીની કૃપાથી જ મળે છે. વસંતપંચમી તો માનવ કલ્યાણ માટેની જીવન પંચમી છે.

સરસ્વતી માતાના આવા મંદિરો ગુજરાતમાં ભાગ્યે જ હોવાથી આ મંદિરનું મહત્ત્વ સવિશેષ છે. આજે પણ લોકો તેમના બાળકોને શાળા પ્રવેશ કરાવતા પહેલાં અહીં આવી માતાનાં ચરણોમાં બાળકોનું માથું ટેકવી આશીર્વાદ લઈ શાળા પ્રવેશ કરાવે છે.

વસંતપંચમી, પાનખરને વિદાય આપીને, વસંતઋતુને વધાવવાનો, સત્કારવાનો અને વાસંતી પ્રકૃતિમાં વિહરવાનો, અને માણવાનો આનંદોત્સવ પણ છે. કવિઓ અને સમગ્ર પ્રકૃતિ હરખઘેલાં થઈને વસંતપંચમીને વધાવે છે. કવિ 'કાન્ત' વસંતને વનદેવતા કહીને સત્કારે છેઃ 'વસંત વનદેવતા, શુભ સદેવ સત્યંવદા, એ વિહંગ વિશ્વના તારા તારાં સદાં'. વસંતનું આગમન થતાં જ પ્રકૃતિરાણી થનગની ઊઠે છે અને નવા નવા પર્ણો અને ફૂલોનો શણગાર સજીને જાણે સ્વયં વસંતોત્સવ ઉજવે છે. વસંતપંચમી એટલે કુદરતની રસઝરતી સૌંદર્યમંડિત ગીતકવિતા. પ્રકૃતિરાણી 'શ્રીપંચમી'નું અવતરણ થતાં જ ચોમેર સુગંધ સૌરભ અને મધુરતા-માદકતાનું વાસંતી વાતાવરણ સર્જાય છે.

કેસૂડો ઝૂમી ઉઠે છે. મલયાનિલની સુગંધથી દિશાઓ મહેકી ઉઠે છે, આંબા ડાળે ઝૂલતી પેલી કોકિલા ટહૂકી ઊઠીને પંચમસૂર રેલાવે છે. મંદ મંદ વહેતો પવન જાણે વાંસળી વગાડે છે. વૃક્ષો-વનોમાં પંખીઓના કલરવનું મધુર સંગીત સંભળાય છે. સંગીત રસિયાઓના કુંજમાંથી સંગીતના સાતેય સૂર રેલાય છે, તો કવિના દિલમાંથી કવિતા ફૂટે છે. વસંતપંચમીથી આરંભાતી વસંતમાં તો સાહિત્ય, સંગીત અને કલાની વાગ્દેવી સરસ્વતીનો વૈભવ પ્રગટે છે, સુગંધ, સંગીત અને સુંદરતાનો સમન્વય થાય છે.

પણ આજના મોબાઇલ, ઇન્ટરનેટ અને યાંત્રિક સંસ્કૃતિની માયાજાળમાં માનવના મન અને દૃષ્ટિ બંને અટવાઈ ગયા છે; પરિણામે પ્રકૃતિના હર્ષભર્યા આંગણે વિલસતા વાસંતી સૌંદર્યને જોવા અને માણવાની માણસની વૃત્તિ મંદ પડી ગઈ છે, સાહિત્ય અને સંગીતમાં તો વસંત મહોરે છે, પણ પર્યાવરણની સાંપ્રત સ્થિતિમાં વસંત વિલાઈ ગઈ છે. વસંતપંચમી, તો પાનખરને વિદાય આપીને જીવનની વાટિકા ખીલવવાનું મહાપર્વ છે. જીવનને વસંત જેવું પ્રફુલ્લિત કરીએ અને મા સરસ્વતીની સાધનાથી સુરભિત કરીએ. પ્રકૃતિ અને મા સરસ્વતીનું પૂજન કરીને; આવો આપણે સૌ વસંતને વધાવીએ.




Do this mathematics trick to know what was the day when your grand-mother was born!

# Mathematical Way To Calculate The Day Of A Week For A Given Date

**DR. KUNJAN SHAH**
Asst. Professor, Center Of Education,IITE, Gandhinagar

You might be knowing the day when you were born, but do you remember the day, when your grandmother or grandfather was born? Don't worry. You don't even need to ask them or check their birth certificate. Just get their birthdate, and this mathematics trick will help you find out what was the day of the week on your grandparents' birthdates. It is a very popular, often neglected trick for inducing joy for mathematics amongst kids (and older people) to develop their interest in the subject. So let us start understanding the process of determining **the day of any given date.**

**The Calendar We Use:**

GREGORIAN CALENDAR – a correction to the former Julian CALENDAR - was introduced in the 80s of the 16th century, to be precise, in 1582. It was said to have been created by Pope Gregory XIII. The Julian Calendar was instituted by Julius Caesar, based on the fact, per the fourth year, that there were  days a year.

The Concept of Leap Year:

Astronomical calculations have shown that one year on Earth (the time taken for the Earth to complete a sun orbit) is 365.2422 days — so the Julian Calendar is inaccurately calculated.

The Julian calendar has been cut back on its astronomical details every **1/(0.0078)** years due to a difference of **365 1/4-**

**365.2422=0.0078** days each year (viz. Approx. **128.2** years).

The centuries-old calendar came to an end when the accumulating inaccuracy brought down the vernal equinox on March 11, rather than on the correct day of March 21, the first day of spring.

The inaccuracy of the occurrence inevitably lasted all year long, but this season meant that the Easter Festival was held at the wrong time of astronomy. The contradictions levied on the most Catholic countries of Europe by Pope Gregory XIII in the New Calendar have been remedied. He decreed, by October 15 of that year immediately after **October 4**, to be excluded ten years from the year 1582 (March 12 to March 21).

Simultaneously, C. Clavius suggested a leap year system — which, aside from those representing ages, had to be divisible by 4. Century years would only be saving years if 400 were broken. This suggests that 1600, 2000, 2400 are minor years, but that it is 1700, 1800, 1900, 2100, 2200, 2300.

There are several tricks in the Gregorian Calendar to decide the week's day for a given date since 1600. So, we are going to use a number-theoretic approach to assess that. We all know that the extra day of a leap year has been added to February, so let us pick a simple fiction, which ends at the end of February each year.

For each year **Y**, the months are:

LIST-A:

| | | | | | |
|---|---|---|---|---|---|
| **1** | **2** | **3** | **4** | **5** | **6** |
| **March** | **April** | **May** | **June** | **July** | **August** |
| **7** | **8** | **9** | **10** | **11** | **12** |
| **September** | **October** | **November** | **December** | **January** | **February** |

It is apparent that in the next year of the Gregorian calendar, January and February will be **Y+1**.

We need a different convenient notation, as days are referenced by **0,1,2,3,4,5,6:**

LIST-B:

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **0** | **1** | **2** | **3** | **4** | **5** | **6** |
| **Sunday** | **Monday** | **Tuesday** | **Wednes-day** | **Thursday** | **Friday** | **Saturday** |

There are  days in a typical year, and therefore there are  **weeks = 52 weeks** and  day, whilst  days in a leap year have  weeks, with two additional days to be compensated. We may also write as follows in the last sentence:

The number of days in an ordinary year is **365≡1(mod 7)** and **366≡2(mod 7)** in a leap year.

One additional day left in an ordinary year after **52** weeks means that the day persists for 'one' weekday for each year. February **28** is the last (**365th**) day in a single year, always appearing on the same weekday as March **1** of the previous year. However, if it matches the leap year's day, the last day of February **29**, the weekday is elevated by two.

To find out which weekday a fixed date will fall, we can have a mathematical theorem.

**THEOREM [1]:**

The day with month **m**, day **d**, year **Y=100c+y**, where **c** (century) is equal to or greater than and  is any number between  and  inclusive, has a weekday number




$w \equiv d+[2.6\times m-0.2]-2c+y+[c/4]+[y/4] \pmod 7$

where **m** is the number chosen for the corresponding month from the **[LIST A]**,

**d** is the number that represents the date in common sense and

the square bracket function **[x]** represents the greatest integer less than or equal to **x** .

After finding the numerical value of **w**, we match it with **[LIST B]**.

**Let us illustrate this with the example:**

**What day of week will be on June 30, 2021?**

For June :

**m=4 (see list A)**

**d=30**

**Y=2021=2000+21=100×20+21**

**c=20**

**y=21**

So, Using above theorem, we have

$w \equiv d+[2.6\times m-0.2]-2c+y+[c/4]+[y/4] \pmod 7$

$\equiv 30+[2.6\times 4-0.2]-2(20)+21+[20/4]+[21/4] \pmod 7$

$\equiv 30+10-40+21+5+5 \pmod 7$

$\equiv 31 \pmod 7$

$\equiv 3$

That means that is **3,10,17,24** but we have **w=3** for **w** less than **7.** Compared to the table in **[LIST B]**, we get that **June 30, 2021** occur on Wednesday **.**

Well, it's your turn now:

**Find on which weekdays these dates fall**:

November 23, 2023


March 14, 2033

August 15, 1947

Your Grandparents' birthdate

**Reference:**

[1] **Burton, D. M. (2006)**. **Elementary number theory**. Tata McGraw-Hill Education.




# A Step towards Quality for Teacher Education Institutes

## IITE's mission to get Accreditation for the affiliated Teacher Education Institutes


**Dr. Divya Sharma,**
Professor, Center of Education, IITE

Concerns for higher education quality and relevance have led to the inception of Institutional Accreditation in India National Assessment and Accreditation Council (NAAC) in 1994. NAAC works with a mandate to make quality assurance an integral part of the functioning of HEIs and to motivate them to build a strong quality culture. The accreditation framework of NAAC is based on five core values of Contributing to National Development, Fostering Global Competencies among Students, inculcating a Value System among Students, Promoting the Use of Technology and Promoting the Use of Technology.

NAAC is continuously updating its mechanism for accreditation with the changing times. The recent Manual for Teacher Education Institutions in which NAAC has paid more attention to the core components relevant to TEIs. The manual is divided into 7 Criteria with 32 Key Indicators (KIs), 45 Qualitative Metrics (QlM), and 82 Quantitative Metrics (QnM), thus making a total weightage of 127. The seven criteria included are Curricular Aspects, Teaching – Learning and Evaluation, Research and Outreach Activities, Infrastructure and Learning Resources, Student Support and Progression and Governance, Leadership and management.

IITE being a Teacher Education University, took the initiative to its affiliated colleges aware of the Manual for TEIs. This initiative aimed to boost preparation to already affiliated institutions going into the second or third cycle and guiding and motivating those institutions who have yet to initiate accreditation, including DIETs and few other colleges.

With this vision in mind, IITE initiated strengthening the ethos of its affiliated college and a series of workshops, titled 'IQAC-IITE: Zonal NAAC Orientation Workshop' are being organized in the five zones of Gujarat- AG Teachers College, Ahmedabad, N.H. Patel Collegeof Education, Anand, L.N.K. College of Education, Patan, Institute of Language Teaching, Rajkot and V.T. Choksi Sarvajanik College of Education,



V.T. Choksi Sarvajanik College of Education, Surat



L.N.K. College of Education, Patan




N.H. Patel Collegeof Education, Anand



AG Teachers College, Ahmedabad

Surat from 18th February to 9th March 2021. Each zone approximately covered 12 colleges of its surrounding area. The host college entering into the second or third cycle of NAAC was selected as the host college, and they are motivated to prepare the resource person from within their zones in order to empower and strengthen the faculty four zones of Surat, Patan, Ahmedabad and Anand have successfully completed the workshop in February 2021. Hon. Vice-Chancellor of IITE, Dr. Harshad Patel, participated actively in all the workshops to boost the colleges' morale. Dr. Kalpesh Pathek, Dean IITE and Member IQAC and Dr. Divya Sharma – Coordinators IQAC also participated in the workshop.



# શિક્ષક પ્રશિક્ષણમાં ગુણવત્તાની ખાતરી તરફનું પહેલું પગલું એટલે નેક એક્રેડિટેશન

## નેક એક્રેડિટેશન માટે રાજ્યનાં 5 ઝોનમાં આઈઆઈટીઈ સંલગ્ન સંસ્થાઓ માટે વર્કશોપનું આયોજન થશે

શિક્ષણની પ્રક્રિયામુ જબ તમે ત્રણ પગલાં ચાલો તો બાળક આગળ બે પગલાં ચાલે છે. આપણી પાસે નૅકમાં જવાનો વિષય છે, ઘણાં લોકો એને NAAC પ્રમાણે નાક પણ કહે છે. એટલે આપણું નાક સાચવવાવાળો વિષય પણ છે કે ભાઈ, નાકની કિંમત કેટલી છે? એમ આ પ્રક્રિયા પણ ગુણવત્તાની દૃષ્ટિએ મૂલ્યવાન છે. શિક્ષણ અને ગુણવત્તા એકબીજાના પર્યાય છે. પરંતુ શિક્ષણ પ્રશિક્ષણની જે વ્યવસ્થાઓ છે, એ જસ્ટિસ વર્મા કમિશન હોય કે પીએઆર સબમિટ કરેલી સંસ્થાઓનો આંકડો હોય, એ 30 ટકા કરતાં પણ ઓછો છે. એનો તાળો પાછો એ ટાટ અને સીટાટના રિઝલ્ટમાંથી મળે. એ પરિણામ 10 થી 20 ટકાની વચ્ચે હોય છે. એટલે નૉન એટેન્ડિંગ સ્ટૂડન્ટ્સ અને નૉન ફંક્શનલ ઇન્સ્ટિટ્યૂશન્સ કેટલી છે એનાં પ્રમાણ આપણને આ બે-ત્રણ બાબતોથી મળી જાય. એટલે ઘણી વખતે જે પેરામીટર્સ દેખાય છે તે અને ઘણાં સોશિયલ પેરામીટર્સ પણ હોય છે.

મારે તો માત્ર વાત એ કરવાની છે કે આ યુનિવર્સિટીની રચના થઈ કારણ કે આગળ જતાં અધ્યાપકોના કામમાં પણ આઇટીએસની ખૂબ આવશ્યકતા રહે છે. એકેડિટેશન પ્રક્રિયામાં ટીચર એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂશન્સ માટે મેન્યુઅલ્સ છે, પણ ટીચર યુનિવર્સિટી માટેનું મેન્યુઅલ નથી. લગભગ 70 ટકા જેટલું તૈયાર થયું છે અને પછી એને પડતું મૂકાયું છે. ગયા જાન્યુઆરીથી આપણે રજૂઆત કરી રહ્યા હતા કે ટીચર યુનિવર્સિટીનું અલગથી મેન્યુઅલ જોઈએ. એ આવે ત્યારે વાત અત્યારે તો અમારે એક યુનિવર્સિટી તરીકે તો અન્ય પરંપરાગત યુનિવર્સિટીના મોડ્યુલને આધારે નૅક માટે આગળ વધવાનું છે.

એટલે આપ સમજી શકો છો કે ટીચર એજ્યુકેશનના મેન્યુઅલને બદલે જો આપણે આર્ટસ, સાયન્સ, કોમર્સના મેન્યુઅલમાં જવાનું થાય તો આપણને એ બધી વિગતો પૂરવામાં કેવી પ્રતિકૂળતાઓ રહે? પણ માનવસહજ ઇતિહાસ રહ્યો છે કે આવી પ્રતિકૂળતાઓ, અવરોધો, સંઘર્ષો એની વચ્ચે જ આપણે જીવવાનું શીખવાનું અને આગળ વધતા રહેવાનું. ગત આખું વર્ષ આપણ માટે પડકાર સમાન હતું છતાં પડકારો સામે લડવા માટેનું ઉદાહરણ એ શિક્ષક પ્રશિક્ષકે જ આપવાનું થાય. આપણે ગત વર્ષે પણ બધી પ્રવૃત્તિઓમાં પણ એ જ પ્રકારનો અભિગમ દાખવ્યો જેને કારણે આપણું પ્રથમ સેમેસ્ટર પૂર્ણ કરી ચૂક્યા છીએ. અને 20 ફેબ્રુઆરીથી બીજું સત્ર આપણે શરૂ કરીશું અને તેને 30 જૂન સુધીમાં આપણે પૂર્ણ કરીશું. 1લી ઑગસ્ટથી નવું સત્ર શરૂ થશે. એડમિશન પ્રોસેસ પૂર્ણ થઈ જશે. એટલે એપ્રિલમાં પહેલું સત્ર પૂર્ણ થશે અને આપણે પૂર્ણ સાઇકલમાં પાછા આવી જઈશું.

ઘણી વખતે એમ થાય કે આપણે અંતર ઓછું કાપ્યું હોય તો સમયસર પહોંચવા માટે ઝડપ વધારવી પડે છે. પણ ઘણી બાબતોમાં ઝડપ કરતાં દિશાનું ખૂબ મહત્ત્વ હોય છે. સામાન્ય રીતે એવું થતું હોય કે આચાર્યશ્રી અને કોઑર્ડિનેટર નૅકના

કામને સતત વાગોળતા હોય અને કામ કરતા હોય. પરંતુ યુનિવર્સિટી તરીકે આપણે એવો અભિગમ દાખવ્યો કે તમામ શૈક્ષણિક સ્ટાફે ઉપસ્થિત રહેવું. ઘણીવાર એવું બને કે કૉલેજ કક્ષાએ એક-એક ક્રાઇટેરિયા આપી દેતા હોઈએ પરંતુ જ્યાં સુધી આપણે આ બાબતને સમગ્રતાથી નહીં જોઈએ ત્યાં સુધી એનું મહત્ત્વ કેટલું છે અને તે માત્ર આપણા કોમ્પોનન્ટ પૂરતું મર્યાદિત નથી હોતું તેનું આપણને ધ્યાન આવે અને બીજા ક્રાઇટેરિયા વિશે પણ આપણે માહિતગાર બનીએ છીએ.

એટલે અમે એવો આગ્રહ જ રાખ્યો છે કે બધાં જ શૈક્ષણિક સ્ટાફના મિત્રો આ પ્રકારના વર્કશોપમાં ઉપસ્થિત રહે, દરેકને મોડ્યુલ આપવામાં આવે, એટલે દરેક સંસ્થાને 1+7 એમ આઠ મોડ્યુલ આપવાના થાય. જેથી તેનો દિવસ-રાત અભ્યાસ થઈ શકે. આપ સૌને વિનંતી પણ છે, સંસ્થાના વડાઓને કે ઝડપથી નૅક માટે રજિસ્ટ્રેશન કરી દેવું.

રજિસ્ટ્રેશનમાં બીજો કોઈ મુદ્દો નથી કે ટાઇમલાઇનમાં તાત્કાલિક તમારે અપ્રેઇઝલ રિપોર્ટ ભરી દેવાનો છે. રજિસ્ટ્રેશનની આ પ્રક્રિયામાં હું ડાયેટને સમાવીને વાત કરું છું. કારણ કે આપણે હવે બી.એડ્. કોલેજ તરીકે, હાયર એજ્યુકેશનની ઇન્સ્ટિટ્યૂટ તરીકે કામ કરીએ છીએ. બે-બેચ બહાર પડેલી હોવી જોઈએ. આપણી તો ચારેક બેચ પૂર્ણ થયેલી છે. અથવા તો ત્રણ બેચ પૂર્ણ થઈ છે. આ વખતે ચોથી બેચ બહાર પડશે. તો એલિજિબિલિટી ક્રાઇટેરિયામાં છીએ તો નૅકની આ વ્યવસ્થામાં જઈએ.

આપણે સામૂહિક કાર્ય કરીએ તો આપણને શું મળે છે? આપણને સથવારો મળે છે. સમજણ પાકી થાય છે. ક્યાંક એ કામને આગળ વધારવાની આપણને શક્તિઓ પણ મળે છે. એકલા-એકલા કામ કર્યા કરીએ તો ખબર ના પડે અને આપણે મૂંઝવાયા કરીએ. જે-તે ઝોનમાં કાર્યક્રમ થાય તો ત્યાંના જ એક્સપર્ટ્સ હોય, એ જ સ્પીકર્સ હોય. કારણ કે આપણે બેંગલોરમાંથી બે લોકોનો સંપર્ક કરીને તેમની સાથે સંકલન કરીને આ પ્રકારે વર્કશોપ કરી શક્યા હોત. જોકે એ પ્રક્રિયા એમના લેક્ચર્સ સુધી સીમિત થઈ જાય, આપણે માત્ર તેમને સાંભળવાના રહે. પરંતુ આપણને પોતાને ખરેખર કઈ બાબતોની શું મૂંઝવણ થાય છે. એટલે ક્લેરિટી વધારે આવે. એટલે જેને પીયર લર્નિંગ કહીએ છીએ તેની શરૂઆત આ નૅકના વર્કશોપથી કરીએ.

રાજ્યના પાંચેય ઝોનમાં વર્કશોપ્સ પૂરા થાય એટલે નૅક એક્રેડિટેશનની પ્રક્રિયા સંદર્ભે આપણને ઉદ્ભવેલા પ્રશ્નોનું એક સંકલન થશે. પછી આઇઆઇટીઈ ખાતે આપણે આચાર્ય અને કોઓર્ડિનેટર તથા એમાં નૅકના ટીચર ઇન્સ્ટિટ્યૂટનું જેમણે મેન્યુઅલ બનાવ્યું છે તે શુભલક્ષ્મીબેનને આપણે બોલાવીશું. જેથી કરીને એક-એક નાનામાં નાનાં પ્રશ્નોનું સમાધાન આપણને તેમની પાસેથી મળી શકે. એટલે 59-59 કોલેજ તથા યુનિવર્સિટી એટલે 60 સંસ્થાઓએ આપણે આ વર્ષની પ્રક્રિયામાં જવાનું જ છે. અને જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં-ત્યાં એકબીજાને ખભો આપવાનો. જેથી કરીને બધા સાથે દોડી શકે. કારણ કે, આપણે સ્વતંત્ર રીતે કાર્ય કરવાના છીએ.



હમણાં જ પરીક્ષા પૂર્ણ થઈ છે. ઘણી વખતે આપણે એવું પણ થાય કે એક્સ યુનિવર્સિટીમાં, વાય યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ વધારે ગુણ પ્રાપ્ત કરે છે. તો આપણાં વિદ્યાર્થીઓ બિચારા પાછળ રહી જાય છે. આ સ્થિતિમાં આપણામાં દયાનો ભાવ આવી જાય છે અને એમાં આપણે વટલાઈ જઈએ છીએ. પણ આપણે વટલાવાનું નથી. 90 ટકા લોકો ખોટી દિશામાં જતાં હોય તો આપણે પણ એ દિશામાં જ જવું જરૂરી નથી. જે મૂળભૂત તત્ત્વ છે એને આપણે પકડી રાખવાનું છે. આપણી પાસે 60 કોલેજીસ છે એમણે શિક્ષણ પ્રશિક્ષણમાં અડીખમ ઊભા રહેવાનું છે. શિક્ષક ભરતીના જે રિક્રૂટમેન્ટ્સ રૂલ્સ નવા અપડેટ થશે, એનઈપી અંતર્ગત, એમાં હવે ડેમોન્સ્ટ્રેશન લેસન પણ થશે. ડેમોન્સ્ટ્રેશન લેસન્સમાં એક્સપર્ટ તરીકે આપ સૌએ જ જવાનું થશે. એટલે આપણે એની ચિંતા કરવાની જરૂર નથી. આપણે આપણા વિદ્યાર્થીઓને સારામાં સારી રીતે તૈયાર કરવાના છે. અને સારામાં સારી રીતે આપણે તૈયાર કરીશું એ જ વસ્તુ નૅકના ક્રાઇટેરિયામાં રિફ્લેક્ટ થવાની છે.

ગુણવત્તાના માપદંડમાં આપણે ક્યાં ઊભા રહીએ છીએ એ સરકારી વ્યવસ્થા, સ્ટેચ્યૂટરી બૉડીની વ્યવસ્થામાં, ઑટોનોમસ ઓર્ગેનાઇઝેશનની વ્યવસ્થામાં આપણને ધ્યાનમાં આવશે. પરંતુ વ્યક્તિગત રીતે, સંસ્થાગત રીતે આપણને રોજ ખબર પડે કે આપણે એસેસમેન્ટની રીતે આપણી જાતે એક્રિડિટેડ થઈએ છીએ કે કેમ? એ પ્રક્રિયા જો આપણે જાળવીશું તો ચોક્કસપણે, કોઈપણ પ્રકારનું મેન્યુઅલ હશે, એ મેન્યુઅલને આપણે પહોંચી વળીશું.

અત્યાર સુધી આપણે આપણા વર્ગખંડમાં વિદ્યાર્થીને મૂલવતા હતા અથવા તો આપણે ભણાવતા હતા. હવે ટેકનોલોજીથી આપણને ખૂબ સારી મદદ મળી છે. એટલે સચિન તેંડુલકરે દરેક વનડેમાં પર્ફોર્મ કરવું પડે છે. આપણે માઇક્રોટીચિંગ કોમ્પિટિશનમાં પણ શિક્ષક તરીકે કે તાલીમાર્થી તરીકે પર્ફોર્મ કરે કે કેવી રીતે સ્કીલ બતાવી શકે છે. તેમ આપણે આપણો ગ્રેડ, સંસ્થામાં ચાલતા કાર્યક્રમો, આપણું ગાઇડન્સ, આપણી વ્યવસ્થાઓ વ્યવસ્થાઓ દર્શાવનારી છે. ઘણી વખત આપણે એવું માનતા હોઈએ કે આપણે ખૂબ સારું કરીએ છીએ. પરંતુ જ્યારે આપણે સમગ્ર વિશ્વની સાપેક્ષે જોઈએ, ત્યારે ચિત્ર જૂદું જોવા મળે છે, કારણ કે હવે વિશ્વ બહુ નાનું બન્યુ છે. એટલે ગ્લોબલ ટીચર એવોર્ડ મહારાષ્ટ્રમાં આવ્યો છે, તે ગુજરાતમાં કેવી રીતે આવશે? જો આપણે આ પ્રકારની વ્યવસ્થાઓમાં આપણા તાલીમાર્થીઓ અને આપણે સહુ, સંસ્થાગત રીતે બધા જોડાઈશું તો મને લાગે છે કે આપણે ક્યાંક ખરા ઊતરી શકીએ અથવા તો તેને વધારે સુદૃઢ બનાવવા માટેની જુદી જુદી પ્રેરણાઓ મળ્યા કરશે.

કોઈક સારું કામ કરે છે એમાંથી આપણને શીખવાનું મળવાનું છે. એટલે આપણે સતત એવા પ્રયત્નોમાં છીએ કે કેવી રીતે લોકો તરફથી મહત્તમ સૂચનો મળી શકે. જેથી એમાં આગળ વધી શકાય. આપે નોંધ્યું હશે કે સીધી જવાબદારીનો ભાગ ન હોય, એટલે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની સીધી જવાબદારીનો ભાગ નથી, પરંતુ શિક્ષણના ક્ષેત્રમાં સરકાર જ્યાં નથી પહોંચી શકતી તો એવા લોકો ભેગા મળીને આવી રીતે કરીને વધારે સારી રીતે શિક્ષણને સમાજ સુધી પહોંચાડી શકાય. તો યુનિવર્સિટી તરીકે હું જ્યારે વિચારું કે નૅકનું કામ છે તે ઇન્સ્ટિટ્યૂશન્સનું છે આપણે શું લેવાદેવા? એવું જરૂરી નથી. આપણે લેવાદેવા છે જ. આપણી બધી જ સંસ્થાઓ નૅક એક્રિડિટેશનમાં હોય, એના ચોક્કસ ગ્રેડ સાથે હોય, તો એમાં એન્ટ્રન્સની વ્યવસ્થાઓ, એમાં ભણવા માટેની વ્યવસ્થાઓમાં વિદ્યાર્થીઓ આવે. એટલે જે રીતે અન્ય સંસ્થાઓ, સંસ્થાના નામ પરથી જ વિદ્યાર્થીઓની પસંદગી થતી હોય છે. એમ સ્કૂલને એવી ખૂબ જરૂરિયાત છે. કોઈપણ સ્કૂલ મેનેજમેન્ટને તમે પૂછો તો એક જ વસ્તુ કહેશે, કે જેવા જોઈએ છે તેવા સારા શિક્ષકો નથી મળતા. માત્ર શિક્ષણના ક્ષેત્રમાં નહીં તમામ ક્ષેત્રમાં હ્યુમન રિસોર્સ જેવો જોઈએ છે તેવો મળી નથી રહ્યો. આપણે આ હ્યુમન રિસોર્સ તૈયાર કરવાનો છે કારણ કે સૌથી વધારે જરૂરિયાત શિક્ષણમાં છે.

(આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ દ્વારા તા. 18 ફેબ્રુઆરીના રોજ વી.ટી. ચોક્સી કૉલેજ, સુરત ખાતે યુનિવર્સિટીના આઈક્યૂએસી દ્વારા યોજવામાં આવેલા નૅક અવેરનેસ વર્કશોપમા આપેલા વક્તવ્યને આધારે સંપાદિત લેખ)






**પ્રેમની ઋતુમાં વસંતમાં આઈઆઈટીઈમાં ખૂલ્યો ભાષાપ્રેમથી છલકાતો ત્રિદિવસીય મહોત્સવ!**

# ભાષામંજૂષા

## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસે આઈઆઈટીઈમાં ભારતીય ભાષા અને સંસ્કૃતિ વિભાગનો પ્રારંભ

अपूर्वः कोऽपि कोषोयं विद्यते तव भारति।
व्ययतो वृद्धिमायाति क्षयमायाति सञ्चयात्।।

"હે સરસ્વતી, આપનો આ ખજાનો અપૂર્વ છે જે વહેંચવાથી વધે છે અને સંગ્રહ કરી રાખવાથી નાશ પામે છે."

આ વિચારથી પ્રેરાઈને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનનાં સેન્ટર ઓફ એક્સટેન્શન અંતર્ગત ત્રિદિવસીય ભાષામહોત્સવ - 'ભાષામંજૂષા'ની ઊજવણી થઈ. કપરા કોરોનાકાળ પછી વિદ્યાર્થીઓથી ફરી એકવાર કેમ્પસ ધબકતું થયું ત્યાં જ ભાષાપ્રેમથી છલકાતા આ મહોત્સવનું આયોજન દિનાંક ૨૧, ૨૨, ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ દરમિયાન થયું. રાજ્યના નામાંકિત ભાષાવિદો, યુવા લેખકો, વક્તાઓ અને કવિઓ દ્વારા વૈવિધ્યસભર વિષયો પર વ્યાખ્યાન, સંવાદસત્રો અને ચર્ચાસત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે ફેસબુકના માધ્યમથી ઓનલાઇન તથા બે દિવસ યુનિવર્સિટીના પ્રાંગણમાં માતૃભાષામાં ધબકાર ધબક્યા.

માતૃભાષા પ્રેમ માત્ર આ ત્રણ દિવસના મહોત્સવ સુધી જ મર્યાદિત ન બની રહે, તે સુનિશ્ચિત કરવા માટે આઈઆઈટીઈના માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સ્ટેન્શન અંતર્ગત 'ભારતીય ભાષા અને સંસ્કૃતિ વિભાગ' નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કેન્દ્રમાં ભારતીય બંધારણમાં સમાવિષ્ટ તમામ 22 પ્રાદેશિક ભાષાઓ ઉપરાંત પ્રાકૃત, પાલી અને ભારતીય અંગ્રેજી ભાષાઓમાં અભ્યાસ અને તેના સાહિત્ય અને સંસ્કૃતિનું અધ્યયન થઈ શકશે. આ વિભાગના સંયોજક તરીકેની જવાબદારી કુ. રાધા મહેતાને સોંપવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ એટલે કે 21 ફેબ્રુઆરીના રોજ ફેસબુકના માધ્યમથી 'ભાષામંજૂષા'નો પ્રારંભ થયો. જેમાં આ ત્રિદિવસીય મહોત્સવની પરિકલ્પનાનો ચિતાર આઈઆઈટીઈના રાધા મહેતાએ આપ્યો. માત્ર ગુજરાત નહિ, વિશ્વભરના ગુજરાતીઓના હૃદયમાં અંકિત એવું નામ, આરજે (રેડિયો જોકી) દેવકીની વિશેષ ઉપસ્થિતિ રહી. ગળથૂથીમાં જ મળેલા ભાષા અને સાહિત્યના વારસાની વાતો કરતાં દેવકીએ જણાવ્યું કે એક વક્તા, અભિનેત્રી તરીકે તેમના ઘડતરમાં માતૃભાષામાં મળેલા શિક્ષણ અને વિચાર પ્રક્રિયાનો ખૂબ મોટો ફાળો છે. તેમણે જણાવ્યું હતું કે, "આપણે જે ભાષામાં ગુસ્સો કરીએ, રડીએ એ આપણી માતૃભાષા છે. મારું શિક્ષણ


ગુજરાતી માધ્યમમાં જ થયું અને તેને કારણે જ મને ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિનો વારસો સમજવા અને માણવા મળ્યો."

આઈઆઈટીઈના વડા માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે દ્વારા આ પર્વની ઉજવણી વિશે શુભેચ્છાઓ આપી. તેમણે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસે આઈઆઈટીઈના સેન્ટર ઓફ એક્સ્ટેન્શન અંતર્ગત ભારતીય ભાષા અને સંસ્કૃતિ વિભાગની ઘોષણા કરતા જણાવ્યું, "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ભારતીય ભાષાઓના શિક્ષણ અને તેમના મારફતે આપણા દેશના વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન પર ભાર મૂકવામાં આવ્યો છે. આઈઆઈટીઈ ગુજરાતમાં છે, પરંતુ તેમાં ભારતના વિવિધ રાજ્યોમાંથી એક ડઝનથી વધુ અલગ અલગ પ્રાદેશિક ભાષાઓ બોલતાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એટલું જ નહીં, યુનિવર્સિટીના સેન્ટર ઓફ એજ્યુકેશનમાં તેલુગુ, આસામી, મરાઠી, જેવી માતૃભાષા ધરાવતા અધ્યાપકો કાર્યરત્ છે. આ ઉપરાંત યુનિવર્સિટી કેમ્પસથી નજીકના શહેર અમદાવાદમાં લગભગ ભારતની મોટાભાગની પ્રાદેશિક ભાષાઓ બોલતા લોકે વસે છે. આથી આઈઆઈટીઈમાં અભ્યાસ કરવા આવનારા વિદ્યાર્થીઓને અને બૃહદ સમાજમાં પોતાના વતનથી દૂર વસતા નાગરિકો પોતાના માટે અને પોતાના સંતાનો માટે તેમની માતૃભાષામાં બોલતા, લખતાં, વાંચતા શીખે અને તેમના સાંસ્કૃતિક મૂળ સાથેનો તેમનો સંબંધ સઘન બને તે હેતુથી આ વિભાગનો પ્રારંભ કરવામાં આવ્યો છે."

તેમણે વધુમાં કહ્યું કે, "સમગ્રમાંથી લોકોના સ્થળાંતરની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. આથી શાળાઓમાં ઘણી વખત એવી સ્થિતિનું નિર્માણ થાય છે કે, 50 વિદ્યાર્થીઓના વર્ગખંડમાં જુદી જુદી માતૃભાષા ધરાવતા 8 થી 10 વિદ્યાર્થીઓ હોય. આ સ્થિતિમાં આઈઆઈટીઈમાં તાલીમ પામી રહેલા શિક્ષક તાલીમાર્થીઓ પણ આ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવનારા વિવિધ ભાષાઓના સર્ટિફિકેટ અભ્યાસક્રમોમાં તાલીમ લઈને વિવિધ ભાષામાં તેમનું કૌશલ્ય વિકસાવી શકશે. જે તેમને દેશના એક કરતાં વધુ પ્રદેશોમાં શિક્ષક તરીકે કામ કરવા માટે સક્ષમ બનાવશે."

તારીખ ૨૨ તથા ૨૩ના રોજ આઈ.આઈ.ટી.ઈ.ના આંગણે ભાષામંજૂષામાંથી ગુજરાતી ભાષાના ઝળહળતા સાહિત્ય રત્નોનો મેળાવડો જામ્યો. પ્રખર શિક્ષણવિદ્ અને વક્તા, ડૉ. ભદ્રાયુ વછરાજાની દ્વારા સવાયા ગુજરાતીઓ વિષય પર અત્યંત રસપ્રદ વક્તવ્ય અપાયું. વિવિધ પુસ્તકોને સાથે રાખીને તેમણે ગુજરાતી સાહિત્યના એવા દિગ્ગજોને ટાંકી બતાવ્યા જેઓ જન્મે ગુજરાતી નથી અને છતાં ગુજરાતીને માતૃભાષા સરીખો પ્રેમ કર્યો અને મોકળા મને ગુજરાતી સાહિત્યની લ્હાણી કરી. ભારતીય અને બિનભારતીય ગુજરાતી સાહિત્યકારોની શૈલીનું વૈવિધ્ય પણ દર્શાવ્યું અને એવાં અનેક પુસ્તકોની વાત કરી જે ભવિષ્યના શિક્ષકો માટે વૈચારિક ઊંડાણ આપનારા હોય.

અન્ય ભાષા બોલતાં કુટુંબમાં જન્મેલી વ્યક્તિ જો ગુજરાતી





ભદ્રાયુ વછરાજાની


મકરંદ મૂસળે


નૈસર્ગી મૂસળે


રામ મોરી


બિરદ છાયા



આશિતા



મિશ્વા અને ખેવના






વૈષ્ણવી



જતિન



યશ



મારિયા



વિશાખા



કિરીટ



તન્મય



દેવેશ



બ્લેસિ



દ્રષ્ટિ અને કથા



શુભાષિની



આશીતા, ઈશા, મનસ્વી, યેશા



ચાર્મી અને અનિરુદ્ધ



શ્રેયાંસ



ઈશા





કાવ્યા



કાવ્યા



પુષ્કર



પ્રાપ્તિ અને આયુષી



ભાગ્યેશ જહા



રાધા મહેતા



નીરવ



ભૂમિ











પર માતૃભાષા જેટલું પ્રભુત્વ ધરાવી શકે તો ગુજરાતી ભાષામાં ઉછરેલી વ્યક્તિ સવાયા મરાઠી કે સવાયા સ્પેનીશ કેમ ન બની શકે! આવા કંઇક વિચારબીજની ફલશ્રુતિ સ્વરૂપ બીજું સેશન રહ્યું. ગુજરાતીમાંથી મરાઠી અને મરાઠીમાંથી ગુજરાતી સાહિત્યિક અનુવાદ માટે ખ્યાતનામ મૂળે મરાઠી પણ કર્મે ગુજરાતી કવિ, નાટ્યકાર અને ગઝલકાર શ્રી મકરંદ મુસળે તથા તેમના આત્મજા સોશિયલ મીડિયા પર ગુજરાતી અને મરાઠી, બંને ભાષામાં યુવાનોને આકર્ષે અને રૂચી જન્માવે એવું હળવાશભર્યું કન્ટેન્ટ બનાવી પ્રસિદ્ધિ પામનાર, મંચ અને મીડિયા બંને સાથે સંકળાયેલાં નૈસર્ગી મુસળેએ દ્વિતીય સત્રમાં સુંદર વાર્તાલાપ કર્યો. તેમની સાથે રાધા મહેતાએ સંવાદ સાધ્યો. "સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી, મળી મને માતૃભાષા ગુજરાતી." શ્રી ઉમાશંકર જોશીની આ પંક્તિઓ સાથે "લાભલે આમ્હાસ ભાગ્ય બોલતો મરાઠી"નું અનુસંધાન થયું. ગુજરાતી અને મરાઠી, એમ બે માનો પ્રેમ જેમને મળ્યો એવા ત્રણ વ્યક્તિઓ વચ્ચેના સંવાદે હળવી શૈલીમાં ભાવિના શિક્ષકોને એકથી વધારે ભાષા પર મહારથ હાંસલ કરવા પ્રેર્યા.

ભાષા અને સાહિત્યના આ ઉત્સવમાં ભાષાના એક આગવા અને અભિન્ન અંગ સમી વિષય 'સિનેમા' પર યોજાયો "સિને-સંવાદ". ગુજરાતી સિનેમા જગતના ઝળહળતા તારક, ટી.વી. અને સ્ક્રીન રાઇટર, ગુજરાતી ભાષાના સૌથી યુવા વયના યુવા ગૌરવ પુરસ્કાર વિજેતા લેખક શ્રી રામ મોરી આ સત્રના મુખ્ય વક્તા રહ્યા. તળપદી ગુજરાતી શૈલીમાં તેમણે ગુજરાતના ગામડાંગામ સુધી પહોંચેલી સિનેમાની ગુજરાતી ભાષાની વાતો કરી તો આધુનિક ગુજરાતી સિનેમા જગતનો ચિતાર આપીને પોતાનો આશાવાદ રજૂ કર્યો. એમનાં જ શબ્દોમાં કહીએ તો ગુજરાતી સિનેમા થકી ભાષાની જીવંતતા માટે "એ બહુ હોપફૂલ છે અને એમના હોપમાં એચ કેપિટલ છે."

'ભાષામંજૂષા'ના સૌથી યુવા વક્તા બિરદ છાયાએ એંશીના દાયકાની ગુજરાતી ફિલ્મો "કંકુ" અને "કાશીનો દીકરો"ની પણ વાતો કરી અને સિનેમાને સાહિત્યનો અભિન્ન હિસ્સો હોવાની રજૂઆત કરી. સત્ર પૂરું કરતાં રાધા મહેતાએ સંસ્કૃત કાવ્યશાસ્ત્રનું અવતરણ ટાંકીને સિનેમાને "દ્રશ્ય સાહિત્ય"નું સાંપ્રત સ્વરૂપ ગણાવીને ભાષાપ્રેમથી છલકાતા આ મહોત્સવમાં સિને-સંવાદની યથાર્થતા બતાવી.

મધ્યાહ્ન પછીનો કાર્યક્રમ વિદ્યાર્થીઓની રંગારંગ અભિવ્યક્તિનો રહ્યો. ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનનું વૈશિષ્ટ્ય એ ભારતભરના વિદ્યાર્થીઓનું એક સ્થાને સમન્વય છે. આથી જ વિદ્યાર્થીઓની માતૃભાષા પણ વેગવેગળી છે. વાત જ્યારે અભિવ્યક્તિની હોય ત્યારે અભિવ્યક્તિને શિક્ષણના એક સશક્ત માધ્યમ તરીકે શીખનારા આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ જરાય પાછળ નથી હોતા. માત્ર ત્રણ દિવસના ટૂંકા સમયગાળામાં પણ આઈઆઈટીઈમાં




પાર્થ તારપરા તથા અનિલ ચાવડા

અભ્યાસ કરનારા સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ 'સંગતની રંગત' સત્રમાં કુલ 11 માતૃભાષામાં સંગીત, સ્વરચિત કાવ્ય, લોકસાહિત્યની રમઝટ પ્રસ્તુત કરવા વિદ્યાર્થીઓએ અપ્રતિમ ઉત્સાહ દર્શાવ્યો અને દરેક પ્રસ્તુતિને હોંશથી વધાવી લેવામાં પ્રેક્ષકોએ પણ કચાશ ન રાખી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ તથા સુગ્રથિત રાષ્ટ્રના મૂલ્યને અનુસંગત એવા સંસ્કૃતિક એકીકરણના દૃષ્ટાંતરૂપ આ કાર્યક્રમ રહ્યો. આ સાથે જ પ્રથમ દિવસની પૂર્ણાહુતિ થઈ.

ભાષામહોત્સવના અંતિમ દિવસનો આરંભ કવિઓની ભાવક વિષયક ચર્ચાના સત્રથી થયો. કવિ શ્રી અનિલ ચાવડા તથા જિફા એવોર્ડ વિજેતા ગીતકાર અને કવિ શ્રી પાર્થ તારપરા આ સત્રના મુખ્ય વક્તા હતા. એમની વચ્ચેના સંવાદનો વિષય રહ્યો "સંબંધ કવિતા અને ભાવકનો". ભરપૂર વાંચન અને લેખનના અભ્યાસથી ભાવકસજ્જતા કઈ રીતે કેળવી શકાય એ સંદર્ભે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ આપ્યું તો સાથે છાંદસ-અછાંદસ રચનાઓ વચ્ચેની વર્ષોથી ચાલતી ચર્ચાને કાવ્યાત્મકતાના આધારે મૂલવી. વિદ્યાર્થીઓ સાથે પણ સંવાદ સાધ્યો અને એમના વૈયક્તિક પ્રશ્નોનું સમાધાન પણ આપ્યું. ચર્ચાસત્ર દરમિયાન ભરપૂર પ્રમાણમાં આવતા શેર, કાવ્ય પંક્તિઓ ઉપરાંત બંને કવિઓ દ્વારા અંતે પણ થયેલા કાવ્યપઠન પ્રેક્ષકો માટે સૌથી વધારે રસપ્રદ રહ્યા.

ભાષામંજૂષના અંતિમ ચરણમાં, સમાપન સત્રમાં વિશેષ ઉપસ્થિતિ રહી ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજીના ત્રિવેણી સંગમસમા કવિ શ્રી ભાગ્યેશ જહાની. એમને સહજસિદ્ધ એવી રમૂજવૃત્તિ થકી એમણે શ્રોતાઓને બાંધી રાખ્યા. સનદી અધિકારી તરીકે એમની જ્વલંત કારકીર્દીના અનુભવોનું ભાથું તેમણે વિદ્યાર્થીઓ સામે ખોલ્યું અને એમાંથી પથરાયો ભાષાપ્રેમનો પ્રકાશ.

વિષયો વિભિન્ન, વક્તાઓ અનેક અને છતાં ભાષામંજૂષાના આ પર્વમાં છલકાયો ભાષાપ્રેમનો અદ્વૈત. ભાષાની ગરિમામાં જ સંસ્કૃતિની દિવ્યતા જળવાય છે. ભાષાભિમાન છલકાતું રહે, સદા, સર્વદા.



# રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી સમગ્ર દેશમાં શિક્ષકોની જરૂરિયાત વધશે

## ‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020નું અમલીકરણ અને શિક્ષક પ્રશિક્ષણ’ વિષય પર આઈઆઈટીઈ અને વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે રાજ્યસ્તરનો સેમિનાર યોજાયો

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન અને વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન, નોઇડા(ભારત)ના સંયુક્ત ઉપક્રમે 8 ફેબ્રુઆરીના રોજ આઈઆઈટીઈના સંકુલમાં એક દિવસના રાજ્ય સ્તરીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

‘Implementation of National Education Policy-2020 & Teacher Education’ના વિષય પર કેન્દ્રીત આ સેમિનાર અંતર્ગત ગવર્નન્સ, કરિક્યુલમ, બી.એડ્.નો 4 વર્ષીય અભ્યાસક્રમ અને નીતિના અમલીકરણ સામેના પડકારો અને ઉકેલો જેવા વિષયો પર ચર્ચા થઈ હતી.

કોરોના મહામારી સમયમાં સરકારશ્રીની માર્ગદર્શિકાને અનુસરી સેમિનારમાં કુલ 50 પ્રતિભાગીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જે પૈકી 40 પ્રતિભાગીઓએ હાજર રહી વિચારમંથનમાં ભાગ લીધો હતો.

સેમિનારમાં કુલ ચાર સત્રો થયા હતા. જેમાં પ્રથમ સત્ર ઉદ્દ્ઘાટન અને બીજરૂપ વક્તવ્યનું હતું. આ સત્રના અધ્યક્ષ ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગરના માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ, મુખ્ય અતિથિ વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના મહામંત્રી અને અને સૌરાષ્ટ્ર યુનવર્સિટી, રાજકોટના માન. કુલપતિશ્રી ડૉ. નીતિન પેથાણી અને મુખ્ય વક્તા રિજીઓનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન, ભુવનેશ્વર - ઓરિસ્સાના આચાર્ય પ્રો. પ્રકાશ અગ્રવાલ ઉપસ્થિત હતા.

ઉદ્દ્ઘાટન સત્રમાં પરિચય અને સ્વાગત બાદ સેમિનારની પ્રસ્તાવના આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજ્યુકેશનના બી.એ.-બી.એડ્. વિભાગનાં અધ્યક્ષ પ્રો. જયનાબેન જોશીએ રજૂ કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષશ્રી તરીકે માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે સેમિનારનું ઔચિત્ય સમજાવતા શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તન લઈને આવેલ શિક્ષણનીતિ સંદર્ભે યુનિવર્સિટી અને સામાજિક સંગઠનોની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. તેમણે જણાવ્યું કે, “સમગ્ર વિશ્વમાં 2020માં કોરોનાની ચર્ચા હતી આપણા દેશમાં કોરોના અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ બંનેની ચર્ચા થઈ. એટલે જીવન છે અને ગુણવત્તાયુક્ત જીવન વિશેની ચર્ચા થઈ. કારણ કે જીવન ગુણવત્તાયુક્ત બનાવવા માટે શિક્ષણ અનિવાર્ય છે. શિક્ષણની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. સમાજજીવનના પરિવર્તનો એમાં હંમેશા ઝીલાય છે.” તેમણે જણાવ્યું હતું કે- “રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ આપણા સૌ સમક્ષ એવી રીતે આવી છે કે બધાએ એને આવકારી છે અને એના પાસાઓને લોકો સુધી કેવી રીતે ઝડપથી લઈ જવા સૌની નજર એના પર છે. નીતિ સારી પણ પરંતુ એનું અમલીકરણ જેટલી ઝડપથી બને તે સારું કારણકે કેટલીક જગ્યાએ તો 2030 સુધી રાહ જોવાની પણ તાલાવેલી નથી.

કુલપતિશ્રીએ એ બાબત પર ભાર મૂક્યો કે આ કાર્ય માત્ર સરકારનું નહિ સરકારી સંસ્થાઓ અને બિનસરકારી સંગઠનોનું પણ છે. આ માટે નવા વિચારના પડકારોની ચિંતા અને ચિંતન થાય તો યોજનાનું અમલીકરણ શક્ય બનશે. તેમણે જણાવ્યું, “સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ મુજબ સમગ્ર વિશ્વમાં 69 મિલિયન (6.9 કરોડ) શિક્ષકોની જરૂરિયાત છે. વિશ્વના 74 દેશ એવા છે કે જેમાં શિક્ષકોની ખેંચ છે. જ્યારે આપણે શિક્ષણ નીતિ અનુસાર 5+3+3+4 કરીશું એટલે પ્રાથમિક શિક્ષણમાં, પૂર્વ પ્રાથમિકમાં પ્રોફેશનલ કોર્સમાં વધારે શિક્ષકોની જરૂરિયાત આપણને રહેવાની છે. ઉચ્ચ શિક્ષણમાં આપણે વિચારીએ કે 50 આપણો જીઈઆર હોવો જોઈએ એનો મતલબ એમ છે કે હાયર સેકન્ડરી કક્ષાએ આપણો ડ્રોપઆઉટ ઘટવો જોઈએ. હાયર સેકન્ડરી અને સેકન્ડરી કક્ષાએ ડ્રોપઆઉટ ઘટે એટલે શિક્ષકોની જરૂરિયાત વધારે રહેવાની છે.”

તેમણે ઉમેર્યું કે, “મને લાગે છે કે આગામી દાયકામાં સૌથી

વધારે રોજગારી આપનારું અથવા તો કોન્ટ્રીબ્યુટ કરનારું ક્ષેત્ર હશે તો એ શૈક્ષણિક ક્ષેત્ર હશે. અને એમાં પહોંચી વળવા માટે જેણે કામ કરવાનું છે, ઉત્તમ કોટિના શિક્ષકોનું નિર્માણ કરવાનું એ શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાઓએ કરવાનું છે."

પ્રથમ સત્રમાં બીજરૂપ વક્તવ્ય આપતા માન. પ્રો. પ્રકાશ અગ્રવાલ દ્વારા શિક્ષણ નીતિના વિવિધ પ્રકરણ, નીતિમાં શિક્ષક પ્રશિક્ષણને અસરકારક બનાવવાના નિર્દેશોની ચર્ચા કરી હતી. તેઓએ પોતાના વક્તવ્ય દરમિયાન રિજિઓનલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ એજ્યુકેશનમાં અમલી ચાર વર્ષીય શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમના અનુભવો અને ગુણવત્તારૂપ પ્રકલ્પો શેર કર્યા હતા. પ્રો. અગ્રવાલે પોતાના વક્તવ્યમાં સ્પષ્ટ ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, "વિવિધ સ્તરના સ્ટેજ અનુરૂપ શિક્ષકો કેવી રીતે તૈયાર કરાશે? ચાર વર્ષના કૉર્સમાં વિદ્યાર્થીઓ વધુ ગંભીરતાથી બી.એડ્.નો અભ્યાસ કરશે. પોતાની પસંદગીના કૉર્સમાં પ્રારંભથી જ બેસ્ટ કરવા પ્રયાસ કરશે." સત્રના અંત ભાગમાં નવી નીતિના વિકલ્પો અને પડકારો પર મુદ્દાસર રજૂઆત કરી ચિંતન કરવા પ્રેર્યા હતા.

બીજું સત્ર ટેકનિકલ સત્ર હતું. આ સત્રના મુખ્ય વક્તા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,ગાંધીનગરના એસોસિએટ પ્રોફેસર ડૉ. જિગ્નેશ પટેલ હતા. તેમણે નવી નીતિના પરિણામે પ્રભાવિત અને પરિવર્તિત થનાર શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે આવનારા ઉપયોગી નૂતન પ્રવાહોની વિશદ અને રોચક માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી આપી હતી.

ત્રીજું સત્ર અને ચોથું સમાપન સત્ર સંયુક્ત સત્ર તરીકે ડૉ. નીતિનભાઈ પેથાણીની અધ્યક્ષતામાં યોજાયું. આ સત્રનો પ્રારંભ 'જિજ્ઞાસા અને સમાધાન' દ્વારા થયો. જેમાં સૌ પ્રતિભાગીઓએ અગાઉના બે સત્રોમાં રજૂ થયેલ વિષય સબંધિત તજજ્ઞોને પ્રશ્નો પૂછી ચર્ચા કરી હતી. આજ સત્રમાં કુલ પાંચ પ્રતિભાગીઓ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 પર તૈયાર કરેલા શોધપત્રો રજૂ કર્યા હતા. તે સબંધી પ્રશ્નોતરી થઇ હતી. અંતે કુલપતિશ્રી માન. ડૉ. હર્ષદભાઈ પટેલની ઉપસ્થિતિમાં સમાપન વિધિ યોજાઈ હતી.

સમાપન સમયે ઉદ્‌બોધન કરતાં સત્રના અધ્યક્ષ તરીકે માન. ડૉ. નીતિનભાઈ પેથાણીએ સમગ્ર સેમિનારના અવલોકનોને ટાંકતા સેમિનાર યોજવાનો ઉદ્દેશ, વિદ્યાભારતી પરિચય, આધારભૂત વિષયો, શિક્ષકનું દાયિત્વ અને શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓની ભૂમિકા જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર માર્ગદર્શન કર્યું હતું. પોતાના વક્તવ્ય દરમ્યાન તેમણે 'શાસનમુક્ત અને સમાજયુક્ત' સૂત્ર આપતા 'સા વિદ્યા યા વિમુક્તયે'ના ધ્યેય સાથે કાર્યરત વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાનના વિચારબીજને સમાજ સુધી પહોંચાડવા આહ્‌વાન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન દ્વારા MY NEP પર હાથ ધરાયેલ કાર્ય અને POA માટેના ચિંતન સંદર્ભમાં દેશભરમાં યોજાઈ રહેલ વિવિધ સેમિનારનો ઉલ્લેખ કરી યુનિવર્સિટીઓના સામાજિક દાયિત્વ અને બિન સરકારી સંસ્થાઓના શૈક્ષણિક ક્ષેત્રની નિસ્બતને આવકાર્યાં હતા.

# ગુજરાત કેન્દ્રીય વિદ્યાલય,(CUG) ગાંધીનગર દ્વારા બે દિવસીય કાર્યશાળાનું આયોજન



ગુજરાત કેન્દ્રીય વિદ્યાલય,(CUG) ગાંધીનગર દ્વારા બે દિવસીય કાર્યશાળાનું આયોજન 27 અને 28 ફેબ્રુઆરી, 2021ના રોજ કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો Literacy Initiatives for Bridging Readers and Resources Involving Educators and Schools (LIBRARIES 2021). આ કાર્યશાળામાં જુદા જુદા 12 વક્તાઓ હાજર રહ્યા હતા અને વિષય પરત્વેની વિશદ છણાવટ સમગ્ર વર્કશોપ દરમ્યાન કરવામાં આવી. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના કુલપતિશ્રી પ્રો. રમાશંકર દુબે હતા.

સમગ્ર કાર્યક્રમનો ઉદ્દેશ શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં વાંચન પરત્વેનો હકારાત્મક અભિગમ કેળવાય તે હતો. IITE, ગાંધીનગરના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના વરદ્ હસ્તે આ વર્કશોપનું ઉદ્‌ઘાટન થયું તથા તેઓ દ્વારા કરવામાં આવેલા ઉદ્‌બોધનમાં વાંચન પરત્વે કરવામાં આવેલા ગુજરાત સરકારના પ્રયત્નો વિશેની વિશદ માહિતી આપી હતી.



# India: the Language, the Civilization and the Literature

**Dr. Deepkumar J.Trivedi**
Associate Professor, Indian Institute of Teacher Education, Gandhinagar.

"I shall not now speak of the knowledge of the Hindus,…of their subtle discoveries in the science of astronomy- discoveries even more ingenious than those of the Greeks and Babylonians- of their rational systems of mathematics, of their method of calculation which no words can praise strongly enough- I mean the system of nine symbols. If these things were known by the people who think that they alone have mastered the sciences because they speak Greek, they would perhaps be convinced, though a little late in the day, that other folk, not only Greeks but also men of a different tongue, know something as well as they."

-The Syrian astronomer-monk
SEVERUS SEBOKHT

Since ancient times, more specifically, since human beings invented and developed scripts, writing has effectively reflected the culture, lifestyle, society and polity of contemporary society in a concrete form. In the course of development, each culture evolved its language and created a vast literary and linguistic base. The literary and linguistic base of a civilization conveys the emergence and development of each of its languages and culture through the span of centuries.

As far as India is concerned, Sanskrit is the mother of many Indian languages. The Vedas, Upanishads, Puranas and Dharmasutras are all written in Sanskrit. There is a variety of secular and regional literature too. While reading about and through the languages and literature created in the past, we can understand our civilization better and appreciate the cultural diversity and richness.

As we know, we are a multilingual country where more than 19,500 languages or dialects are spoken. Interestingly, more than 90 per cent of the population uses one of the 22 scheduled languages. Modern Indian languages have ancient roots and are derived in some way from classical languages. There is a rich literary tradition in many languages, especially the ones recognized as classical languages by the Government of India.

As conveyed above, in India, people speak a large number of languages which are broadly divided into four families of languages: Indo-European Family (Arya), Dravidian Family (Dravida), Austric Family (Nishada), and Sino Tibetan Family (Kirata). About 73% of the Indian population speaks different languages of the Aryan family. Then comes the Dravidian family, which is spoken by about 20 per cent of the Indian population, whereas a limited number of people speak the Austric and the Sino-Tibetan languages.

Some languages have been given classical

language status by the Government of India, considering their ancient literary heritage and chronology. The four Dravidian languages Tamil, Telugu, Kannada and Malayalam, developed their literature. Tamil literature dates back to 500 BC, Telugu to 400 BC, Kannada to 450 BC, Malayalam to 1198 AD and Odia to 800 AD. Hindi literature looked to Sanskrit classics for guidance, and Bharata's Natyashastra was kept in mind by Hindi writers. Prithviraj Raso is supposed to be the first book in the Hindi language. The language has evolved during the Apabhramsa stage between the 7th and 8th centuries A.D. and the 14th C. The most famous literary figures from this period were Kabir, Tulsidas, Surdas, Rahim, Mirabai and Bihari. Urdu emerged as an independent language towards the end of the 4th century A.D. in India. Each of these languages has a rich treasure of literature well-preserved.

As it is discussed through National Education Policy, it is estimated that almost 600 languages are on the verge of extinction and that more than 250 languages have disappeared in the past 60 years, which is a considerable loss, as when a language dies, an entire culture dies in its originality. It calls for concern. We must protect our cultural heritage, including languages. Re-reading and studying ancient texts and bringing them back to the modern audiences is one thing we may look forward to, which will also promote research in this direction as studying the classical languages and literature would allow access to authentic ancient sources of learning. Promotion and preservation of ancient texts through formal dialogues is only the first step through which we may encourage modern-day scholars to do research using these primary sources and unearth new nuggets of knowledge.

Using the power of technology to preserve and promote our languages and culture, we can create and maintain resources required to develop language technology, which is proportionately inadequate or unavailable for many Indian languages. Language learning and preservation should begin at the primary school level and be continued and promoted to higher levels of learning and formal education. With all four skills (i.e. LSRW) in at least two languages, functional literacy of a couple of other languages should be acquired.

The first language that a child learns right from birth is the birth language. It plays a valuable role in our lives for many reasons. Studies have confirmed that cognitive development, comprehension skills, and intellectual development are done better by those who are well-versed in their mother tongue. Apart from that, languages are a vital way of keeping our culture sustained and alive. Mother tongue allows us to stay connected to our culture and our roots. If one has a stronghold on the mother tongue, it becomes easier for the individual to master any new language. Communication and comprehension through mother tongue will allow growing more vital literacy skills in other languages. Knowing your mother tongue well is a matter of pride, as it helps individuals connect with their cultural identity. Learning in your mother tongue is crucial as other skills, such as critical thinking, skills to learn a second language, and literacy skills, also develop parallel.

We should maintain our native languages in routine, at home, in the community, in meetings, in gatherings and even in administration. We may write poetry, stories, novels and dramas in our mother tongue and local languages. We must acknowledge a sense of dignity and a sense of pride in speaking, writing and communicating through these languages. Enough encouragement should be given to Indian language publications, journals and children's books. Dialects and folk literature must be given a due privilege.

India is a land of vastness and continuity, and language should become a catalyst for inclusive development in every respect.




# Digital Tools for English Language Learning

Teachers can help students learn the language in a better way by using these digital resources

**Dr Jignesh Gohil**
Assistant Professor
Smt. M. M. Shah College of Education, Surendranagar

As a teacher now, we are dealing with the new generation of very skilful learners and interested in learning through digital ways. It is high time to make them more equipped and connected to internet resources for learning. So far, English language learning is concerned; we have a treasure of web tools that can help us habituating our students for learning on the go. The most significant advantage of e-resources is that they can be used anytime and anywhere. None of the students lacks digital skills, and we just have to mould them using them in the right ways. There are plenty of resources available which can offer ease of English language learning. Let us have a look at some of them:

**1. NAMO e-TAB HE**

It is one of the handy Android applications which provides the British Council platform for English language learning. In Gujarat, the Government has started to provide NAMO Tablet to undergraduate students. This tablet has this application in-built. It is also available in the Google Play Store to download. The fact is that very few students practice English using it. The app offers all four skills LSRW and grammar lessons, to practice for free.

**2. ESL Lounge (https://www.esl-lounge.com/)**

ESL Lounge is a website organized by levels from beginners to advanced. This website offers some excellent exercises for reading and writing practice per level. Moreover, it also avails resources in both American and British English. It has some rich practice papers, including English grammar, LSRW skills and even new words. Though it is a commercial website, it provides worth resources for a free account as well.

**3. Write and Improve (https://writeandimprove.com/)**

It is an exciting e-resource for practising English writing. From beginners to advanced language learners, all can try hand in writing on the given topics. This website's notable feature is that it gives you a topic to write and then checks your writing, suggests grammatical mistakes, and guides you to

make it more perfect. It also keeps our practice progress report which can help in English language learning.

**4. TED-Ed (https://ed.ted.com/)**

TED talks are quite popular, and with this website, students can find any number of videos related to a topic of their interest. Each video is accompanied by a lesson that includes comprehension questions to check for understanding and open-ended questions and links to explore more about the topic. Most of the videos are pretty short, so you can easily watch them twice if you need them, and you can usually find the transcript as well.

**5. Free Rice (https://freerice.com/)**

It is a useful website for those who are looking for a fun way to improve English vocabulary. It is a resource offering multiple-choice quiz based on English Vocabulary and Grammar. It has endless questions which can help learners to learn many new words. The remarkable fact is that the organization that runs this website donates ten rice grains for each question answered correctly in some of its regions! That's why it is called 'Free Rice'!

**6. EF SET exam (https://www.efset.org/)**

If you are looking to take up some testing for your English language skills, the EF Standard English Test (EF SET) can be a handy website for you. It offers online English tests for free. The website claims to have designed its tests 'to meet the high technical standards as the other standardized tests in the field, such as the TOEFL or IELTS.' The tests on this website are always accessible, easy to use and freely available for reliable measurement. Various levels of English proficiency like beginner, intermediate, advance can be tested through standardaized tests. Skills of language communication and comprehension, including Listening, Speaking, Reading and Writing, can be tested. It also offers a 15-minute English quiz, a free and fast way for you to start with an estimate of your English proficiency.

**7. Voice-to-text function**

The correct pronunciation is a crucial part of any spoken language. The Voice-to-Text function on your laptop is the best way to improve pronunciation. You can use pretty much any app on your phone: Notes, Pages, Word, an email, etc. Just make sure the keyboard language is set to English, press the little microphone, and begin speaking. You can either read a text or talk freely for about 20-30 seconds, then press done. Read over what your phone typed, and see if it understood you correctly—was that what you wanted to say? If there are words that your phone did not understand, practice these words and go back and try again. The technology is not perfect, of course, but it is relatively accurate, so it is a good way to check and improve your pronunciation.

**8. Record function**

For students who want to improve their speaking, one of the best ways is by recording yourself. It might be a little uncomfortable, but the students who have done this every day have seen improvement. Find a quiet place where you will not be bothered. Choose a topic or discussion question from one of your classes. Then, turn on your recording device and answer the question, talking for about two to three minutes. You can just use the microphone or use the video recorder. Then play it back and listen to yourself. It will be worth it. Do you notice any mistakes? Were there pauses, places where you were searching for a word but could not think of it? Can you look for that word in a translator or dictionary now so that you will be ready the next time you want to use it? Also, only the act of speaking can help you become more comfortable and fluent.

The primary reason behind low English fluency as a second language is that our learners have no practice scope, especially in listening and speaking skills. These are innovative and interactive ways to practice and learn English. When we have plenty of web resources available to teach the English language, we have to make our students use it and be habituated to practice English in its best ways.



# "IITE should prepare a small army of Master Trainers for Sensitization of Society for Divyangjans"

**Sensitization and Capacity Building of Inclusive Education for Children with Special Needs organized by IITE on 18th & 19th Feb 2021**

Diversity and multiculturalism have increased the challenges in the classroom for a teacher. The learner has become more sensitive, and the number of learners needing special care is ever increasing. The awareness of learning disability and the need to address them has seen a steep rise. Therefore, Inclusive Education has become the need of the hour.

Several organizations are continuously working to address the need for Children with Special Needs (CWSN). Special Educators are appointed in blocks of the school to address the needs of such children. These Special Educators are mostly having the knowledge and the ability to deal with the disability they have studied. Rehabilitation Council of India (RCI), through its Continuous Rehabilitation Education (CRE) Programs, works rigorously to update Special Educators' knowledge. These programs are generally offered by the institution running Special Education Programs.

Centre of Special Education, IITE Gandhinagar witnessed a proud moment when it became the first University Centre in Gujarat to bag a series of three RCI Approved programs for Sensitization and Capacity Building of Integrated Education-Children with Special Needs. The programs are granted Continuous Rehabilitation Education (CRE) status by the Rehabilitation Council of India, New Delhi.

The first program in the series entitled, 'Sensitization and Capacity Building of IE-CWSN', was organized. 7th & 8th January, The program was inaugurated on Dr. Harshad A.Patel, Vice-Chancellor, IITE Gandhinagar. and Key Note Address was delivered by Dr. Himangshu Das, Director, National Institute for Empowering the Person with Visual Disabilities.

The second program was organized on 18th &19th February 2021. Guest of Honor was Shri. Manoj Agrawal (Additional Chief Secretary, Social Justice & Empowerment

Department, (GoG), Gandhinagar, Gujarat) and Key Note Speaker for the program was Prof. Aloka Guha, Former Chairperson National Trust, New Delhi.




Shri. Manoj Agrawal highlighted the role of the Social Justice Department in addressing the needs of CWSN. He also recalled his days of SSA and how he has to continuously revisit various documents and reach out to people and policy alike to address the need of divyangjans. Shri Manoj Agarwal also called upon IITE to work towards bringing in pedagogical changes in the area of education for persons with disabilities. He also suggested that IITE can prepare a small army of Master Trainers and develop online training programs for all officials of various departments of the State Government to spread knowledge and understanding for the need to develop an inclusive mindset to make divyangjans feel confident and equal in the society.

Prof. Alok Guha, in her keynote address, asked IITE to take up a course that would address the needs of special children. She highlighted that special education in India has moved from 'Placement to Enrolment and Acceptance because of RTE and towards Equity and Empowerment, and finally, she believes that the New Education Policy will lead to Assimilation of CWSN.

The program was limited to 100 participants only, which witnessed participants from 20 states of India.

Dr. Divya Sharma, Director of Center of Special Education, Dr. Hemant Maurya, Head, Department of Visual Impairment, Dr. Dhananjay Deshmukh, Head of Deapartment of Intellectual Disabilities are at the core of organizing these CRE programs under the guidance of Hon. Vice Chancellor of IITE Dr. Harshad Patel.

The technical sessions were conducted various subject experts, which included sessions on Introduction to SLD by Dr. Bharati Associate Professor, NCERT Delhi, Assessment and teaching strategies for SLD Dr. Apoorba Panshikar, Assistant Professor, SNDT, Mumbai, Introduction to visual Impairment by Dr. Adhya Shakti Rai, Associate Professor, DSMNRU, Lucknow and Assessment and Teaching Strategies for Visually Impaired by Dr. Pankaj Kumar, Assistant Professor, NIEPVD, Dehradun, Introduction to Hearing Impairment by Dr. Kishore H. Mane, Assistant Professor, BHU, Varanasi, Assessment and Teaching Strategies, Dr. Nigam Pandya, Assistant Professor, BAOU Ahmedabad, Introduction to ASD by Dr. Ramachandran, Assistant Professor, NIEPMD, and Assessment and Teaching Strategies of ASD, by Dr. Deelip Sharma, Assistant Professor SPU, Anand.


All the sessions were followed by interactive questions answers and evaluation sessions. The final evaluation was done on day two. At the end of program participants gave a very positive feedback.


The program was streamed live on YouTube, links for the same are given below;

https://www.youtube.com/watch?v=g-

ZTa646mKc&ab_channel=IITEGandhinagar

https://youtu.be/6Mqciz_U-kY




# ભાષાને લય, લહેકો અને લાઘવ આપતાં ધ્વનિ ઉચ્ચારણ વિશે...

## આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી સંદર્ભે જાણીએ ગુજરાતી ભાષાના ઉચ્ચારણને

**ડૉ. અર્ચના પટેલ,**
**આસિ. પ્રોફેસર, આઈઆઈટીઈ**

જ્યારે ફેબ્રુઆરી મહિનામાં આપણે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઉજવીએ છીએ ત્યારે એવી વાત કરવાનું મન થાય કે, કોઈપણ ભાષાની વિશિષ્ટતાની ઓળખ તેના ઉચ્ચારણને કારણે હોય છે. ભાષાના ઉચ્ચારણથી, તેના શબ્દોના ધ્વનિથી જ જે-તે ભાષાનું લય, લાઘવ, અને લહેકાથી તેની સુંદરતા પ્રગટે છે.

આપણી માતૃભાષા ગુજરાતી છે, તો ગુજરાતી ભાષામાં પણ ઉચ્ચારણનું અનોખું મહાત્મ્ય છે. ગુજરાતી બોલતા આપણે સહુએ આપણી ભાષાનું ઉચ્ચારણ તો જાણવું જ જોઈએ. આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજ્યુકેશન દ્વારા તાજેતરમાં યોજાયેલી ગુજરાતી ભાષા કાર્યશાળામાં આ વિશેનું રસપ્રદ વ્યાખ્યાન ડૉ. અરવિંદ ભાંડારીએ આપ્યું હતું. ગુજરાતી ભાષા આપણે કેવી રીતે બોલીએ છીએ? તેના ધ્વનિઓ કયા કયા છે? તે વિશેની વાત જાણવી ખૂબ જ આવશ્યક છે તો ચાલો આ વિશે થોડી વાતો કરીએ.

આપણે આપણી આસપાસની દુનિયામાં કેટલાય પ્રકારના ધ્વનિઓ એટલે કે અવાજો સાંભળીએ છીએ. એમાંના કેટલાક, માણસોના અવાજ છે તો કેટલાક બીજા - અન્ય છે. તેમાંના કેટલાક ભાષાના છે, તો કેટલાક અન્ય છે, જેમકે 'ક' ભાષાનો ધ્વનિ છે, પરંતુ ડચકારો ભાષાનો ધ્વનિ નથી. એટલે કે આપણી આસપાસના કેટલાક ધ્વનિઓ એવા છે કે જેનો આપણે ભાષામાં ઉપયોગ કરીએ છીએ.

ભાષામાં વપરાતા આવા ધ્વનિઓને આપણે 'વાચિક ધ્વનિ' કહીએ છીએ. વાચિક ધ્વનિમાં વાચિક શબ્દને જોઈએ તો - આપણે સંસ્કૃતના વાક્ અને વાચ્ શબ્દોથી પરિચિત છીએ વાક્ કે વાચ્ એટલે વાણી - વાણી આપણે જે બોલીએ છીએ તે. આમ વાણીમાં કે બોલવા માટે જે ધ્વનિઓનો ઉપયોગ કરીએ છીએ તે વાચિક ધ્વનિ. આ રીતે જોઈએ તો ભાષાનો નાનામાં નાનો ઘટક કે એકમ તે આ ધ્વનિ છે. આ ધ્વનિઓ કેવી રીતે ઉચ્ચારાય છે તે વિશે થોડું જોઈએ.

આપણે સૌ જાણીએ છીએ કે શ્વાસ લેતી વખતે આપણે બોલી શકતા નથી, પણ જ્યારે શ્વાસ બહાર કાઢીએ છીએ ત્યારે હવાના અવરોધને કારણે આપણે બોલી શકીએ છીએ એટલે કે શ્વસનતંત્રના માર્ગમાં હવાના થતાં અવરોધ અથવા ઘર્ષણ વગેરેને કારણે આપણે જુદાં જુદાં ધ્વનિઓ બોલી કે ઉચ્ચારી શકીએ છીએ. આનો અભ્યાસ કરતું શાસ્ત્ર એ ઉચ્ચારણશાસ્ત્ર. આમ તો હવા દ્વારા ઉદ્ભવતા ધ્વનિઓનો અભ્યાસ ભૌતિક વિજ્ઞાનની વિદ્યાશાખામાં કરવામાં આવે છે. ભૌતિક વિજ્ઞાન મુજબ ધ્વનિઓનો અભ્યાસ ત્રણ પ્રકારે થાય છે.

1) ધ્વનિઓનો ઉદ્ભવમૂલક અભ્યાસ એટલે કે ધ્વનિ કેવી રીતે ઉત્પન્ન થાય છે? તેને આધારે

2) ધ્વનિનો પ્રસરણ મૂલક અભ્યાસ એટલે કે હવાના આંદોલનનું પ્રસરણ કેવું, કેટલું, કેવા પ્રકારનું છે? તે પ્રમાણે નો અભ્યાસ અને

3) ધ્વનિનો શ્રવણ મૂલક અભ્યાસ એટલે ધ્વનિ કાન દ્વારા કેવી રીતે સંભળાય છે? તેને આધારે થતો અભ્યાસ

આ તો થઈ ભૌતિક વિજ્ઞાનની વાત. આપણે સૌ જાણીએ જ

છીએ કે જુદા જુદા વિષયો ક્યાંકને ક્યાંક કોઈક રીતે એકબીજાને સ્પર્શ થતાં જ હોય છે. આપણે જ્યારે ધ્વનિના ઉચ્ચારણની વાત કરીએ છીએ ત્યારે ધ્વનિનો ઉદ્‌ભવમૂલક અભ્યાસ વધારે ઉપકારક નીવડે છે. આ રીતે જોઈએ તો ભાષાના ધ્વનિઓનું ઉચ્ચારણ કેવી રીતે થાય છે? તે આપણા અભ્યાસના કેન્દ્રમાં છે. આપણે જ્યારે ઉચ્ચારણ પ્રક્રિયા વિશે સમજીએ છીએ ત્યારે સૌપ્રથમ ઉચ્ચારણ પ્રક્રિયાના અગત્યના અંગ સ્વરપેટી વિશે સમજીએ.

આપણે સૌ જાણીએ જ છીએ કે સ્વરપેટી એ કોઈ એક અવયવ નથી પરંતુ એરિટેનોઈડ કાર્ટિલેજ, ક્રાઈક્રોઈડ કાર્ટિલેજ, નાદતંત્રી વગેરેથી બનેલું એક એકમ છે. જેને આપણે સ્વરપેટી કહીએ છીએ.

શ્વાસનળી સી આકારના સ્નાયુ એટલે કે કાર્ટિલેજની બનેલી છે. તેમાં સૌથી ઉપરના કાર્ટિલેજને ક્રાઈક્રોઈડ કાર્ટિલેજ કહેવામાં આવે છે. આ કાર્ટિલેજ ઉપર બે પિરામિડ આકારના કાર્ટિલેજ આવેલા છે, જેને આપણે એરિટેનોઈડ કાર્ટિલેજ કહીએ છીએ. આ બંનેની ઉપર બે પટ્ટાકારના સ્નાયુ આવેલા છે. જેને આપણે નાદતંત્રી કહીએ છીએ. આ નાદતંત્રીના ઉપર છેડા થાઈરોઈડ સાથે જોડાયેલા છે. આમ સ્વરપેટીની રચના એક ત્રિકોણાકાર થતી હોય એવું લાગે છે. આ નાદતંત્રીઓ સ્થિતિસ્થાપક હોય છે એટલે કે તે પોતાની ધરી પર ફરી શકે તથા ખૂલી અને બંધ પણ થઈ શકે છે.

ફેફસાંમાંથી શ્વાસનળી વાટે બહાર આવતી હવાના દબાણથી સ્નાયુઓ કંપે છે અને ખૂલે છે. હવાનું દબાણ ઘટતા વળી પાછા સ્નાયુઓ સંકોચાય છે. આ પ્રક્રિયા સતત ચાલતી રહે છે. આ પ્રક્રિયા દરમ્યાન નાદતંત્રીઓ પોતાની ધરી પર રહીને આવર્તન લે છે. જ્યારે એક ક્ષણમાં 16 થી વધુ આવર્તનો થાય એટલે કે એટલી ગતિથી તંત્રીઓ કંપે ત્યારે શ્રુતિગોચાર એટલે કે સાંભળી શકાય તેવો ધ્વનિ ઉત્પન્ન થાય છે. નાદતંત્રીના આવાં આવર્તનની પણ મર્યાદા છે. નાદતંત્રીઓ એક ક્ષણમાં ૨૦૦૦થી વધુ આવર્તન લઈ શકતી નથી. સામાન્ય રીતે પુરુષોની નાદતંત્રીઓ એક સેકન્ડમાં 109 થી 163 આવર્તનો લઈ શકે છે. જ્યારે સ્ત્રીઓની નાદતંત્રીઓ એક સેકન્ડમાં 218 થી 326 આવર્તનો લઈ શકે છે. કેટલાક સંજોગોમાં આ આવર્તનોની સંખ્યા વધી - ઘટી શકે છે. જેમ કે સ્ટેજ પર બોલનારા, જુદા જુદા અવાજ કાઢનારા, ફેરિયાઓ વગેરે. પણ આ રીતે થતું ઉચ્ચારણ ધ્યાન ખેંચે તેવું હોય છે. તેમજ આપણે તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે સ્ત્રીઓની નાદતંત્રીના પટ્ટાની લંબાઈ આશરે 17 મી.મી  જેટલી હોય છે જ્યારે પુરુષોની નાદતંત્રીની સરેરાશ લંબાઈ 23 મી.મી. હોય છે. આ લંબાઈ જુદા જુદા અવાજ માટે ઉપકારક હોય છે.

આજે આપણે નાદતંત્રી વિશે થોડી માહિતી મેળવી આગળની માહિતી આવતા અંકમાં જોઈશું.

# Human Teacher



I believe that,  
There's no teacher better than;  
Your own failures.  
But it's more easy,  
When you have someone  
To soothe you;  
And make you realize,  
That Sky is not the limit.  
Something is there beyond it;  
For which you have  
To escape this fear,  
And make yourself  
Free to explore it.  
And that is exactly,  
What a human needs  
From a HUMAN TEACHER.

**- Kabbu (Kavya Shetty)**  
**B.Sc.-B.Ed. 8 Semester**

# Campus Canvas



રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો... આઈઆઈટીઈમાં થયેલી વસંત પંચમીની ઉજવણીની ઝલક



આઈઆઈટીઈ દ્વારા 'શિક્ષણ અને વ્યવસ્થામાં માનવીય મૂલ્યોની ભૂમિકા' વિષય પર મૂલ્ય શિક્ષણ કાર્યશાળાનું આયોજન થયું



આઈઆઈટીઈના રેડિયો સ્ટેશન ટીચર્સ ટ્યૂનના આરજે સાથે માન. કુલપતિશ્રીનો સંવાદ



19 ફેબ્રુઆરીના રોજ આઈઆઈટીઈની એકેડેમિક કાઉન્સિલની 10મી બેઠક મળી હતી



અભ્યાસ સત્ર શરૂ થવાની તૈયારીના ભાગરૂપે આઈઆઈટીઈની હોસ્ટેલ કમિટીની મીટિંગ



આઈઆઈટીઈમાં નોંધાયેલા પીએચ.ડી.ના સ્કૉલર્સ સાથે સંશોધન કામગીરી વિષયે સંવાદનું આયોજન



















એ વિચારીને ફૂલે
ગજ ગજ મારી છાતી,
હું ને મારી ભાષા
બંને છીએ ગુજરાતી!!
જય જય ગરવી ગુજરાત.
શ્રી શારદાપીઠ બી. એડ. કોલેજ દ્વારકા.
બી. એડ. ના તાલીમાર્થીઓએ રચેલાં સૂત્રો અને ચિત્રો